PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ

# કોશિશ થી કામયાબી

1-8-1974

વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિનું માસિક

૧૫ ડિસેમ્બર - ૨૦૧૯, અંક નં. ૮૪/૪૫૦



એપિલેપ્સી સેમિનાર



દિપ પ્રાગટ્ય

## 'સપનાના વાવેતર' પુસ્તક વિમોચન




Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2019-21◆ Monthly
Date of Publication : 15 December - 2019 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 32

# શ્રી વિમળાબેન કાંતિલાલ શાહનું દુઃખદ નિધન




## પ્રાર્થના સભા

પી.એન.આર. સોસાયટી અને સંલગ્નિત સંસ્થાઓ દ્વારા સંસ્થાના મુખ્ય દાતા શ્રી કે. એન. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ પરિવારના શ્રી નરેન્દ્રભાઈ અને શ્રી રાજભાઈના માતુશ્રી, સ્વ. વિમળાબેન કાંતિલાલ શાહ (તળાજાવાળા) (ઉ. વર્ષ ૯૩) ના નિધન નિમિત્તે, સંલગ્નિત સંસ્થા શ્રી કે. એલ. ઈન્સ્ટીટ્યુટ ફોર ધી ડેફ, ભાવનગરના મહાવીર ઓડિટોરિયમ ખાતે, તા. ૧૬ ડિસેમ્બર, ૨૦૧૯ ના રોજ સાંજના ૪:૩૦ થી ૫:૩૦ દરમ્યાન એક પ્રાર્થના સભા યોજાયેલ.



જેમાં ભજન-કીર્તન-સ્તવન અને ધુનનું આયોજન કરવામાં આવેલ. વિવિધ સંસ્થાઓના કલાકારો સર્વશ્રી ઋષિકેશભાઈ પંડયા (અંધશાળા), શ્રી ભાવનાબેન મહેતા ('અંકુર'), શ્રી ફાલ્ગુનીબેન ખાટસુરિયા (બહેરાં-મૂંગા શાળા) તથા શ્રી જીજ્ઞાબેન સોલંકી (સી.પી. સ્કૂલ) એ પોતાના ભાવવાહી ગીત-સંગીત દ્વારા, સદ્‌ગતને શ્રધ્ધાંજલી આપેલ. શ્રી પારસભાઈ શાહે શોક સંદેશાનું વાંચન કરેલ.

ઉદ્‌ઘોષક શ્રી નેહલબેન ગઢવીએ કાવ્યાત્મક ભાષામાં માતાના મહિમાનું ગાન કરેલ.

આ પ્રાર્થના સભામાં પી.એન.આર. સોસાયટી, શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળા, 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા, સી.પી. સ્કૂલ, હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ, વી.સી. લોઢાવાળા હોસ્પિટલ, અંધ ઉદ્યોગ શાળાના ટ્રસ્ટીગણ, શિક્ષકગણ, કર્મચારીગણ અને ભાવેણાના સ્નેહીજનો પ્રાર્થના સભામાં ઉપસ્થિત રહ્યાં હતાં.



# કોશિશ થી કામયાબી

**આ અંકમાં ...**


- શ્રી વિમળાબેન કાંતિલાલ શાહનું નિધન ૦૨
- INDEX . . . . . . . . . . . . . . . . . . ૦૩
- CONTENTS AT A GLANCE. . . . . . ૦૪
- PNRના જાન્યુ.-૧૯ના ત્રિવિધ ફંક્શન . ૦૫
- શ્રી ચંદ્રકાંત નાલાવાલાનું નિધન . . . . ૦૫
- વર્લ્ડ ડિસેબલ્ડ ડે ની ઉજવણી . . . . . ૦૬
- શરદ પૂર્ણિમાની ઉજવણી. . . . . . . . ૦૬
- સ્નેહ સંમેલન . . . . . . . . . . . . ૦૬
- અભિપ્રાય... ડૉ. ચંદ્રકાન્ત મહેતા . . . ૦૭
- આફ્રિકાના સૌથી ઉંચા પર્વત પર ફતેહ. ૦૭
- આભાર કપૂર પરવારનો . . . . . . . . ૦૭
- કેસ સ્ટડી-આકાશની ઊંચી ઉડાન . . . ૦૮
- ઈસ્કોન ક્લબ એક્ઝિબિશન . . . . . . ૦૮
- સંક્ષિપ્ત સમાચાર-PNR હૉસ્પિટલ. . . ૦૯
- પારકિન્સન્સના દર્દીઓની તીર્થ યાત્રા . ૦૯
- પાર્કિન્સન્સના દર્દીઓએ ઉજવી દિવાળી ૦૯
- સંક્ષિપ્ત સમાચાર-C.P. શાળા . . . . . ૧૦
- શ્રી અમિતભાઈ મિત્રાને વિશિષ્ટ સેવા માટે લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવૉર્ડ . ૧૩
- સંક્ષિપ્ત સમાચાર-Hightech શાળા . . ૧૪
- સપનાના વાવેતર પુસ્તક વિમોચન . . . ૧૫
- વિમોચન પ્રસંગે બાબાભાઈનું વક્તવ્ય . ૧૬
- મુંબઈમાં શ્રી બાબાભાઈનું સન્માન . . . ૧૭
- થેલી નિસ્બત ફાઉન્ડેશનને . . . . . . . ૧૭
- સંવેદનાની ઝાંખી . . . . . . . . . . . ૧૮
- સંક્ષિપ્ત સમાચાર-A.T. & T. ટેક. પાર્ક . ૧૯
- સંક્ષિપ્ત સમાચાર-બહેરાંમૂંગા શાળા . . ૨૦
- સંક્ષિપ્ત સમાચાર-K.L. છાત્રાલય . . . ૨૪
- સંક્ષિપ્ત સમાચાર-K.L. TTC . . . . . . ૨૫
- સંક્ષિપ્ત સમાચાર-'અંકુર' શાળા . . . . ૨૬
- અમો ઋણી છીએ દાતાઓના . . . . . ૨૮
- પુસ્તક માટે શુભેચ્છા સંદેશ. . . . . . . ૨૯
- કોર્પસ ફંડના દાતાઓની યાદી . . . . . ૩૧


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મૂકતાં આનંદની લાગણી અનુભવું છું.

## આનંદ અને વિષાદ

જીવન વિચિત્રતાઓથી ભરેલું છે. જીવનમાં સુખ-દુઃખ, હર્ષ-શોક વિગેરે આવ્યાં જ કરતાં હોય છે. પરંતુ હાલમાં જ ડિસેમ્બરના શરુઆતના પંદર દિવસમાં પી.એન.આર. અને સંલગ્નિત સંસ્થાઓના કાર્યકર્તાઓને આનંદ અને વિષાદ બંનેનો અનુભવ થઈ ગયો.

આનંદ એ વાતનો કે સંસ્થાના ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી અનંતભાઈ શાહ (બાબાભાઈ) ના જીવનના ૭૦ વર્ષના અનુભવોને ઉજાગર કરતું પુસ્તક 'સપનાનાં વાવેતર' નું મુંબઈ ખાતે વિમોચન થયું. સાથે જ એ પ્રસંગે શ્રી કે. એન. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ પરિવાર તરફથી શ્રી નરેન્દ્રભાઈ અને શ્રી રાજભાઈ એ ભાવનગરમાં વિકલાંગ બાળકોની સંમિલિત શિક્ષણ યોજના માટે, સંસ્થાના ઈતિહાસમાં સૌથી મોટું રૂા. ચાર કરોડના માતબર દાનની જાહેરાત કરી અને વધારામાં અન્ય દાતાઓ તરફથી રૂા. ૨૫ લાખ હોસ્પિટલના સાધનો વગેરે માટે તથા 'અંકુર' સંસ્થામાં વ્યવસાયિક તાલિમ કેન્દ્ર માટે રૂા. ૨૫ લાખના દાનની જાહેરાત થઈ.

હજી આનંદની ક્ષણો સૌ વાગોળતા હતાં ત્યાં, 'ન જાણ્યું જાનકી નાથે' ની જેમ, પુસ્તકના વિમોચન પ્રસંગે, શ્રી વેદ સાહેબને સાથે લઈને શ્રી ચંદ્રકાંતભાઈ નાલાવાલા આવવાના હતાં, પોતાના ઘરે તૈયાર થઈને બેઠા હતાં અને એકા-એક તેમનું પ્રાણ પંખેરું ઉડી ગયું. સંસ્થાના એક મોટા વેલવિશર્સ આપણી વચ્ચેથી ચાલ્યાં ગયા, હજુ આ સમાચારની શાહી સુકાય ન સુકાય ત્યાં આપણી સંસ્થાના મુખ્ય દાતા શ્રી કે. એન. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ પરિવારના શ્રી નરેન્દ્રભાઈ અને રાજભાઈના માતુશ્રી વિમળાબેનનું ૯૩ વર્ષની વયે દુઃખદ અવસાન થયું. સંસ્થા પરિવારમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ. બંનેના આત્માઓને ઈશ્વર પરમ શાંતિ આપે, એ જ પ્રાર્થના.

**કિરીટ રાઠોડ**


- **Koshish Thi Kamyabi**
  RNI No. GUJGUJ/2013/48176
  Postel Reg. No. L2/36/RNP/
  BVR-414/ 2019-21, Monthly
- **અંક નં. : ૮૪/૪૫૦**
  ૧૫ ડિસેમ્બર - ૨૦૧૯
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન : ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  ૨૪૩૧૧૬૦
  E-mail : info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  Visit us : www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  **અંબા ઑફસેટ, ગાંધીનગર.**
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક ''શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર''ના નામનો આપવા વિનંતી.**
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  **રાજેશ પટેલ**
- સંપાદક મંડળ
  **સેજલ મહેતા**
  **નેહલ ત્રિવેદી**
  **ભક્તિ મહેતા**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **મનસુખ સોરઠિયા**



**જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |




# CONTENTS AT A GLANCE



K. D. PADIA

◈ **Bababhai's '*Sapanana Vavetar*' Released & Dedicated**

Shri Anant K Shah, popularly known as Bababhai and Founder Trustee of the PNR and its forum institutions at the age of 85 years authored a book '**Sapanana Vavetar**' describing his rich experience of serving cause of disable community for dedicating to the PNR Society. The book was released in Banquet Hall of Mumbai on Sunday, the 8 Dec 2019, thanks to the Mumbai-based Trustees and Office-bears of the PNR based in Mumbai. Dr. Nareshbhai Ved, ex-vice Chancellor of Bhavnagar University praised the book in his distinguished address and wished the book to be a guide to all those who are engaged in social noble causes. Shri Bababhai also gave a brief and said the book is complimentary and not priced. Dignitaries, Trustees, Office-bearers present in the function delivered speeches describing Bababhai's yeoman service to the Indian disabled community. In a function organised at Bhavnagar, the book was dedicated to the PNR Society on Saturday, the 14th Dec 2019 in Nataraj campus at the hands of **Shri Nalin Pandit**, Leading Educationist and invited dignitaries who spoke highly of Shri Bababhai's contribution.

◈ **KLID bags prizes in 'Anam Prem' (NGO) organized competitions**

Students of the K.L.Institute for the Deaf (KLID) shined by bagging prizes in the competitions organized by **'Anam Prem'**, an NGO, and the overall performance of the students enabled the KLID to earn status of leader institution among the 20 schools participated from 10 states. The KLID also organized Mothers' Training in which 12 mothers of the deaf children were benefitted. It was an honour to KLID for its selection for a programme entitled '**Mokala Mane'** (Chief Minister's special gesture of audience with the deaf students of KLID). Considering the inability certain parents of the deaf who are unable to attend Mothers' Training the KLID added Sunday-Saturday 2 hour Mother Training Programme. 'Love You Zindagi'**,** Khel Mahakumbh and celebration of national and religious festivals have been other programmes conducted by the KLID. Selection of 9 KLID students in National Sports to be held in Kerala has been a hall-mark to the sports wing of the KLID. This is not all. The KLID hostel will now have the Solar Rooftop Power unit, thanks to the generous donation of Rs. 12 lakhs of USA-based **Ajmera Family.**

◈ **"Ankur's" CRE on ICT Training**

Ankur School for Mentally Retarded organized 3-Day Continuous Rehabilitation Education (CRE) with special aim of imparting training to the special teachers in **Information and Communication Technology** (ICT) in which 30 special teachers participated. Regular Parents Trainings, legal workshop and celebration of national and religious festivals have been the other activities carried out by the Ankur.

◈ **Nataraj C.P.School's Rare CRE- State Level Conference**

The Nataraj Cerebral Palsy School with the blessings of New Delhi-based Rehabilitation Council of India (RCI), a Govt. of India's pivotal organization, organized CRE during 3-4-5 October 2019 selecting the rare area of **Behavior Management** and branding it as State Level Conference. **Dr. Aloka Guha**, Founder Chairman of the National Trust and Gandhinagar-based **Prof. Dhananjay Deshmukh** and C. P. School Principal **Mrs. Jigna Shah** acted as its Resource Persons. A total number of 50 special educators attended the CRE. Proceedings have since been sent to the RCI.

***LIGHTENING NEWS***

◈ **The K. N. Shah Charitable Trust of Mumbai** declared generous donation of Rs. 4 crores for **Hi-Tech Inclusive Primary, Secondary and Higher Secondary Schools** housed in Nataraj Training College building of the PNR Society, a unique initiative towards an Inclusive Society, in a **Sapanana Vavetar** Book Release function at Mumbai. Besides, Rs. 25 lakh each to the **PNR Society** for instruments for its PNR Hospital and **Ankur School** for its **Vocational Training Center** were donated by elite donors of Mumbai.

◈ A generous donation of Rs. 3 lakhs was received from famous movie actor **Shri Ranbir Kapoor** of renowned **Kapoor Family** of Indian cinema world for **Sapanana Vaveter Disabled Welfare Corpus Fund**. We gratefully acknowledge the donation and appreciate his empathy for the disabled.

◈ Salient activities of other divisions also form the part of this issue.



# જાન્યુઆરી-૨૦૨૦ માં પી.એન.આર. સોસાયટીમાં યોજાનાર ત્રિવિધ કાર્યક્રમ





દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ, ભાવનગરની પી.એન.આર. સોસાયટી અને તેની સંલિગ્નત સંસ્થાઓ દ્વારા ત્રિવિધ કાર્યક્રમો : નટરાજ કોલેજ કેમ્પસ, સરદાર પટેલ સ્કૂલની બાજુમાં, કાળિયાબીડ, ભાવનગર ખાતે તા. ૪, ૫, ૬ જાન્યુઆરી ૨૦૨૦ દરમિયાન યોજાશે. જેમાં સંસ્થાના ઉદારદિલ દાતાઓના યોગદાનથી, સંશાધનોનું લોકાર્પણ, તકતીઓનું વિમોચન અને પાંગરતી પ્રતિભાઓ તથા દાતાશ્રીઓના સન્માનના કાર્યક્રમો યોજાનાર છે. જેમાં

● **તા. ૪-૧-૨૦ શનિવારે સાંજે :** બહેરાં-મૂંગા શાળામાં ડિફરન્ટલી એબલ બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

● **તા. ૫-૧-૨૦ રવિવારે સવારે :**

- માતૃશ્રી હીરાલક્ષ્મી ભાઈદાસ સંઘવી નટરાજ બોયઝ હોસ્ટેલ એનેક્ષી બિલ્ડીંગનું લોકાર્પણ
- બિલ્ડિંગના બીજા અને ત્રીજા માળના ૨૦ રૂમોનું અને લિફ્ટ સુવિધાનું લોકાર્પણ
- ‘અંકુર’ મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળામાં વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરમાં છ રૂમોનું લોકાર્પણ
- પી.એન.આર. હોસ્પિટલમાં દાતાશ્રીઓ દ્વારા મળેલ ઈ.એન.ટી. માઈક્રોસ્કોપ મશીનનું લોકાર્પણ

**સાંજના ૫:૩૦ થી ૭:૩૦ વાગે મુખ્ય સમારોહનું આયોજન,** નટરાજ કોલેજ કેમ્પસમાં...

- કાર્યક્રમના પ્રમુખ : શ્રી કોમલકાંતભાઈ શર્મા (ઉદ્યોગપતિ, ચેરમેન લીલાગ્રુપ ઓફ કંપની)
- આશીર્વચન : પ.પૂ. સ્વામીશ્રી પરમાત્માનંદજી સરસ્વતિ (આર્ષ વિદ્યાલય, રાજકોટ)
- અતિથિ વિશેષ : શ્રી માવજીભાઈ કોશિયા (જવેલસ્ટાર્સ, સુરત-મુંબઈ), શ્રી મહાસુખભાઈ વોરા (USA), ડૉ. નરેશભાઈ વેદ (પૂર્વ કુલપતિ, ભાવ. યુનિ.), શ્રી ચેતનભાઈ તંબોળી (ઉદ્યોગપતિ)

● **તા. ૬-૧-૨૦ ને સોમવારે સવારે ૯:૩૦ થી ૧૨:૦૦**

- એ. ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક **એવોર્ડ તથા સ્કોલરશીપ** એનાયતનો કાર્યક્રમ:
  અધ્યક્ષ સ્થાન : શ્રી પ્રફુલભાઈ શાહ (યુ.એસ.એ.)
- નીલકમલ લિ. રીચિંગ ટુ અનરીચ્ડ કોર્પસ ફંડમાં સી.પી., ઓટિઝમ, વિગેરે વિદ્યાર્થીઓને

**સાધન સહાય-એવોર્ડ વિતરણ :** પ્રમુખ સ્થાન : શ્રી વામનભાઈ પારેખ, મુખ્ય મહેમાન : શ્રી કૃષ્ણકાંતભાઈ ચિત્તલિયા



## સંવેદનશીલ સાથી ચંદ્રકાંત નાલાવાલાનું નિધન

ચંદ્રકાંતભાઈ નાલાવાલાને પી.એન.આર. માં સૌ જાણે છે. મુંબઈના પેડર રોડ પર એકલા અટૂલા રહેતા ચંદ્રકાંતભાઈની મહેમાનગતી આપણામાંના ઘણાંએ માણી છે. મુંબઈ મીટિંગ હોય અને કયાં ઉતરશું ? એ મુંઝવણ હોય ત્યારે, નટુભાઈ બે ઘડક ચંદ્રકાંતભાઈના ઘરે પહોંચી જવાનું કહેતા અને ચંદ્રકાંતભાઈ એટલા જ ઉમળકાભેર સ્વાગત કરતાં. એક હાથ એકસ્માતમાં ગુમાવેલો હોય, બધો જ આધાર તેના ઘાટી-લક્ષ્મણ ઉપર હોવા છતાં, મોઢા ઉપર જરા પણ ખચકાટ નહીં. અર્થશાસ્ત્રના જાણકાર, વાંચનનો અત્યંત શોખ ધરાવતા ચંદ્રકાંતભાઈ તા. ૮ ડિસે.`૧૯ ના સાંજના ‘સપનાના વાવેતર’ પુસ્તકના વિમોચનમાં જવા માટે તૈયાર થઈ રહ્યાં હતાં. પરમ મિત્ર ડૉ. નરેશભાઈ વેદને ફંકશનમાં લઈ આવવાની તેમણે જવાબદારી લીધી હતી.

‘પરંતુ આ શું થઈ ગયુ ?’ પોતાના ઘરે નરેશભાઈ ઘડિયાળ સામું જુએ, સમય થઈ ગયો હતો. કદી મોડા ન પડે એ ચંદ્રકાંતભાઈ હજૂ આવ્યાં ન હતાં. ફોનની ઘંટડી વાગ્યા કરે પણ એ ઉઠાવે નહીં ! છેવટે તર્ક વિતર્ક કરતાં સમય જાળવવા નરેશભાઈ ફંકશનમાં પહોંચ્યાં. ફંકશન શરૂ થયું. ત્યાં માઠા સમાચાર આવ્યાં. ફંકશનમાં આવવા તૈયાર થઈને બેઠેલાં ચંદ્રકાંતભાઈના અચાનક હાર્ટ એટેકથી અવસાનના. ઘેરા શોકની લાગણી ફેલાય ગઈ. સંસ્થાને એક સંવેદનશીલ સાથીની મોટી ખોટ પડી. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે.

**ૐ શાંતિ : ૐ શાંતિ : ૐ શાંતિ :**

# દિવ્યાંગોની ભવ્ય રેલી સાથે 'વર્લ્ડ ડિસેબલ્ડ ડે' ની હર્ષભેર ઉજવણી





છેલ્લાં ૬૦ વર્ષથી વિવિધ વિકલાંગતાઓ પર કામકરતી, ભાવનગરની પી.એન.આર. સોસાયટી, નટરાજ સેરેબ્રલ પાલ્સી (મગજના લકવાવાળા) ની સ્કૂલ, કે. એલ. ઈન્સ્ટીટયુટ ફોર ધી ડેફ, 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા, એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક, હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલના દિવ્યાંગ અને સમધારણ બાળકો અને શુભેચ્છકોએ તા. ૩/૧૨/૧૯ ના રોજ **'વર્લ્ડ ડિસેબલ્ડ ડે'** ની ઉજવણી હર્ષોલ્લાસ સાથે કરી. ઈ. ૧૯૯૨થી સંયુકત રાષ્ટ્ર દ્વારા વિકલાંગો પ્રત્યે જાગૃતિ લાવવા અને તેમના જીવનને વધારે સારું બનાવવા સમાજની પૂરેપૂરી ભાગીદારી થાય તે માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. વિકલાંગોની સંપૂર્ણ સહભાગીતા અને સમાનતાએ આ દિવસ ઉજવવાનો મહત્વનો હેતુ છે. મુખ્ય અતિથિ માનનિય શ્રી ઉમેશભાઈ એન. વ્યાસ (નાયબ કલેકટરશ્રી, ભાવનગર), માનનિય શ્રી વૈશાલીબેન જોશી (જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી), શ્રી નવઘણભાઈ ચૌહાણ (બાળ સુરક્ષા એકમ અધિકારીશ્રી), સંસ્થાના સર્વશ્રી પારસભાઈ શાહ, (સેક્રેટરી જનરલ), કિરીટભાઈ રાઠોડ (માનદ્ મંત્રી), મફતભાઈ શાહ, જીતુભાઈ મહેતા, અલ્પેશભાઈ શેઠ, વિનુભાઈ હકાણી, દેવલભાઈ શાહ અને દિવ્યાંગજનો, વિશિષ્ટ શિક્ષિકો અને શુભેચ્છકોએ **'વેલેન્ટાઇન સર્કલ'** શામળદાસ કોલેજથી નીકળેલ અભૂતપૂર્વ રેલીમાં ભાગ લીધેલ. તથા મહાવિર ઓડિટોરિયમમાં **'શિક્ષક સજ્જતા તાલીમ'** નું આયોજન કરેલ. સી.પી. સ્કૂલના શ્રી જીજ્ઞાબેન સોલંકી અને વિશિષ્ટ શિક્ષકોએ આ કાર્યક્રમને સફળ બનાવવા ખૂબ જહેમત ઉઠાવેલ હતી.

## ફેમિલી ફોરમ દ્વારા શરદ પૂર્ણિમાની ઉજવણી

સંસ્થાના દરેક કર્મચારી અને તેઓના પરિવારને સંસ્થા સાથે તાદાત્મય અને એકતા કેળવાય તે માટે **ફેમિલી ફોરમ** દ્વારા પી.એન.આર. સોસાયટી અને તેની સંલગ્નિત સંસ્થાઓના ટ્રસ્ટીગણ, કર્મચારીગણના પરિવાર સાથે નટરાજ કોલેજના પરિસરમાં, **શરદપૂર્ણિમાની** ઉજવણી કરેલ. નટરાજ ઓડિટોરિયમમાં ગુજરાતી હાસ્ય નાટક **પ્રેમનો પબ્લિક ઈસ્યુ** સ્ક્રીન પર જોઈ સૌએ આનંદ માણેલ અને મોડી રાત્રે- ઉંધીયુ-પૂરી અને દૂધ પૈવાની જીયાફત માણી સૌ છૂટા પડેલ. આ સમગ્ર કાર્યક્રમ માનદ્ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ અને તેની ટીમ દ્વારા સફળતાપૂર્વક સંપન્ન થયેલ.

## સ્નેહ સંમેલન

વિક્રમ સંવત ૨૦૭૬ના મંગલ પ્રારંભે પી.એન.આર. સોસાયટી અને સંલગ્નિત સંસ્થાઓનું નૂતન વર્ષ નિમિત્તે **સ્નેહ સંમેલન**, કે. એલ. ઈન્સ્ટીટયુટ ઓફ ધ ડેફના કોન્ફરન્સ હોલમાં શુક્રવાર તા. ૧ નવેમ્બર'૧૯ ના રોજ યોજાયેલ.

સંસ્થાના પ્રમુખ શ્રી શશીકાન્તભાઈ વાધરે આશીર્વચન આપેલ. સંસ્થાના સી.ઈ.ઓ. શ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ) તથા કે.એલ. ઈન્સ્ટીટયુટ ફોર ધ ડેફના પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહે પ્રેરક ઉદ્‌બોધન કરી શુભેચ્છા પાઠવેલ.

આ પ્રસંગે તમામ સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ, કર્મચારીગણ ઉપસ્થિત રહેલ હતાં. સ્વાગત અને આભારવિધિ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયાએ કરેલ.



# અભિપ્રાય

**ડૉ. ચંદ્રકાન્ત મહેતા**
એમ.એ., પીએચ.ડી., એલએલ.બી.
પૂર્વ ઉપકુલપતિ, ગુજરાત યુનિવર્સિટી

નેશનલ એવોર્ડ સન્માનિત સાહિત્યકાર, ગુજરાત સરકાર માન્ય પત્રકાર, અધિકૃત કોલમ્નિસ્ટ : ગુજરાત સમાચાર

તા. ૨૯/૧૧/૨૦૧૯

શ્રી અનંતભાઈ કે. શાહ, શ્રી કિરીટભાઈ રાઠોડ, શ્રી અશ્વિનભાઈ પંડયા

નમસ્તે. કાન્તાબેન અય્યર (સુરત) દ્વારા પ્રેષિત **'કોશિશ થી કામયાબી'** નો ૧૫ ઓકટોબર ૨૦૧૯ નો અંક મળ્યો. આનંદ અને આભાર.

**'જો મરણ આ જિંદગીની,**
**અરે હા ! છેલ્લી દશા, તો પરાર્થે અર્પવામાં'**

'આ જીવનના મોહ શા' ની ભાવના પ્રત્યેક પૃષ્ઠ પર અંકિત બધિર-મૂક, લાચાર દિવ્યાંગોને સેવાની સરવાણીથી પરિતૃપ્ત કરી, તન-મન-ધનથી આશાન્વિત અને પ્રોત્સાહિત કરવાનું રૂડેરુ કામ આપની સંસ્થા કરી રહી છે, જેની ઝલક સંક્ષિપ્ત સમાચારોમાં પણ પ્રતિબિમ્બિત છે. કળિયુગમાં દરિદ્ર નારાયણની સેવા એ જ તપ અને એ જ ભકિત છે. **'કોશિશ થી કામયાબી'** નો અંક તેની સાક્ષી પૂરે છે. પ્રદૂષણમુકિતી ઝુંબેશ, નવરાત્રિ ઉત્સવ, સ્પીચ થેરાપીના બાળકોનો રાસોત્સવ, હિયરીંગ એઈડનું વિતરણ, જે તે સંસ્થાઓ દ્વારા થયું હોય એમને લાખેણાં અભિનંદન. **'કોશિશ થી કામયાબી'** સેવાલક્ષી સમાચારની પરખ બની રહે એવી હાર્દિક શુભેચ્છા.

**સ્નેહાધીન**

**ડૉ. ચંદ્રકાન્ત મહેતા,** પૂર્વ ઉપકુલપતિ, ગુજરાત યુનિવર્સિટી,
કટાર લેખક : ગુજરાત સમાચાર

## લાઇબ્રેરી કોર્નર

## આફ્રિકાના સૌથી ઉંચા પર્વત ઉપર ફતેહ






માત્ર નવ વર્ષની ઉંમરમાં જ એક પગ ગુમાવનારા નીરજ જોર્જ બેબીના જુનુન સામે, આફ્રિકાનો સૌથી ઉંચો પર્વત પણ ટૂંકો પડયો છે. નીરજે ઘોડીઓના સહારે ૧૯૩૪૧ ફૂટ ઉંચા, તંજાનિયાના માઉન્ટ કિલિમાંજારો ઉપર ફતેહ મેળવી છે. તેમણે આ ચડાણ પૂરૂં કર્યું, આ સાથે જ તેમણે જણાવ્યું છે કે "આ મારા જીવનની એક યાદગાર ક્ષણ છે. આ પાંચ વર્ષ જુના સપનાને પીડા સાથે પૂરૂં કર્યું છે. આટલી પીડા સહન કરવાનું કારણ એટલું જ કે હું સાબિત કરવા માંગતો હતો કે કૃત્રિમ અંગ લગાવ્યા વગર પણ, વિકલાંગો તેમના સપના પૂરા કરી શકે છે." વર્તમાન સમયે નીરજ કેરળની એક ઓફિસમાં કામ કરે છે.

સૌજન્ય : ગુજરાત સમાચાર

## આભાર... કપુર પરિવારનો...




સુપ્રસિધ્ધ **'કપુર પરિવાર'** મુંબઈના ફિલ્મ અભિનેતા શ્રી રણબીર કપુરે, પોતાની વિકલાંગોના ઉત્કર્ષ માટેની ઉદાર ભાવનાથી રૂા. ૩ લાખ પૂરાનો ચેક **"સપનાના વાવેતર ડિસેબલ્ડ વેલ્ફેર કોર્પસ ફંડ'** માટે, પી.એન.આર. સોસાયટી, ભાવનગરને મોકલ્યો છે. સંસ્થા તે માટે તેમનો આભાર માને છે.

કેસ સ્ટડી

### શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા - ભાવનગર

# આકાશની ઊંચી ઉડાન

✍ કવિતા શાહ



માતા જાગૃતિબેન આ વાસ્તવિકતાને વાગોળતા કહે છે કે..., “તમારું બાળક સાંભળતું જ નથી તો બોલે કયાંથી ?” ડૉ. શિવાનંદ ઝા કાનના ડૉક્ટરના આ શબ્દો સાંભળીને હું ઘડીભર દીગમૂઢ થઈ ગઈ. મારો દિકરો આકાશ જન્મ્યો ત્યારે અમારી ખુશીનો પાર ન હતો. આકાશ એક વર્ષનો થયો ત્યારે તેને તાવ આવેલ. તેની દવાની અસર હોય કે બીજુ કાંઈ, ભગવાન જાણે ! મારા સાસુ કહેતા કે, “ઘણા છોકરા મોડાં બોલતા શીખે, એમાં તમે મુંઝાઓછો શું લેવા ?” મારા બાળકમાં કાંઈ ખામી હોય એમ હું પહેલા માનતી ન હતી. પરંતુ ડૉક્ટર ઝા સાહેબે ફોડ પાડયો એટલે મારી અને મારા પતિની ઊંઘ ઉડી ગઈ. વધુ ખાત્રી કરવા બહેરાં-મૂંગા શાળામાં ઓડિયોલોજીસ્ટ પાસે ઓડિયોગ્રામ કરાવ્યો. હવે તો પાકું થઈ ગયું કે આકાશ શ્રવણમંદ છે. આ સાંભળીને મારા ઉપર તો આભ તૂટી પડયું. છતાં પણ હિંમત કરીને સિસ્ટર નિવેદિતા સ્કૂલમાં આકાશને દાખલ કરવા ગઈ. ત્યાં મેડમે કહ્યું,“છોકરો હોંશિયાર છે પણ બહેરો-મૂંગો છે એને બહેરાં-મૂંગાની ખાસ શાળામાં મૂકો તો સારું” છેલ્લે ભાવનગરની બહેરાં-મૂંગા શાળામાં આકાશને લઈને હું ગઈ. આ શાળાનું વાતાવરણ તેની શિસ્ત હસતા-રમતા, આનંદ કરતા બાળકોને જોઈ મારો ભ્રમ ભાંગી ગયેલ. તેના શિક્ષિકા શ્રી ફાલ્ગુનીબહેન મકવાણાએ વાસ્તવિકતા સમજાવી, આકાશને સંભાળ્યો અને આકાશ પહેલાં નંબરે પાસ થયો. ભાવનગરની આ શાળામાં આગળની તાલીમ શરૂ કરી. ત્રીજા વર્ષમાં તો શિક્ષિકા શ્રી કવિતાબહેને ચમત્કાર કરી બતાવ્યો. આકાશ મમ્મી, પપ્પા, બા જેવા શબ્દો બોલવા લાગ્યો. એક સ્ટેજ પ્રોગ્રામમાં “હાથી ભાઈ તો જાડા !” તેણે જોડકણું ગાયું ! ત્યારે અમારી ખુશીનો પાર ન રહયો. તેના સર્વાંગી વિકાસ માટે હું સંસ્થાની, હંમેશા ઋણી રહીશ. આજે મારો આકાશ M. J. કોલેજમાં S.Y. B. Com.માં અભ્યાસ કરે છે. આકાશને આ ઊંચી ઉડાન ભરવા સક્ષમ બનાવવા ભાવનગરની શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળાના શિક્ષિકા શ્રી કવિતાબેનનું વાકય આજે પણ મને યાદ છે. **“જયાં અટકો ત્યાં હું બેઠી છું.”**



**પિતાનું નામ: ધીમંતભાઈ મહેતા** **- લે.જાગૃતિબેન મહેતા**

# ઈસ્કોન કલબ એકિઝબિશન

તા. ૧૨/૧૦/૧૯ થી તા. ૧૩/૧૦/૧૯ દરમ્યાન બે દિવસ, શ્રીમતી અંબિકાબેન ટેકરીવાલ દ્વારા, ઈસ્કોન કલબ, ભાવનગર ખાતે **દિવાળી કાર્નિવલ**નું ઉદ્‌ઘાટન તથા દીપ પ્રાગટય દિવ્યાંગ વિદ્યાર્થીઓના હસ્તે કરી, ખુલ્લું મુકવામાં આવ્યું હતું. જેના અંતર્ગત દિવ્યાંગ બાળકોને પ્રોત્સાહન પૂરું પાડવાના આશયથી નટરાજ સી.પી. સ્કૂલના બાળકો દ્વારા નિર્મિત વસ્તુઓનો **ફ્રી સ્ટોલ** પ્રદર્શન તથા વેચાણ માટે રાખવામાં આવેલ.

આ સ્ટોલમાં બાળકો દ્વારા બનાવવામાં આવેલા કલાત્મક દીવડાંઓ, ફ્રૂટ ટ્રે, માટીના ગ્લાસ, માટલા, બોટલ્સ, દંતમંજન, પેપરબેગ, કલાત્મક થેલી, ટી-શર્ટ, કી ચેઈન્સ, મીણબત્તી, ફાઈલ્સ, ઓવન ગ્લોઝ જેવી વિવિધ વસ્તુઓ પ્રદર્શિત કરવામાં આવેલ.

આ દિવાળી કાર્નિવલમાં મુલાકાત લેનાર લોકોએ ઉત્સાહભેર ખરીદી કરી, દિવ્યાંગ વિદ્યાર્થીઓને ઘણું જ પ્રોત્સાહન પૂરું પાડેલ. આ સમગ્ર કાર્યક્રમનું સંકલન નટરાજ સી.પી. સ્કૂલના મદદનીશ શિક્ષક શ્રી તૃપ્તિબેન મહેતા તથા વોકેશનલ ટીમના સર્વશ્રી હર્ષાબેન પાડલિયા તથા રીનાબેન વસોયા દ્વારા, શ્રીમતી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ.



# સંક્ષિપ્ત સમાચાર

✍ મહાસુખભાઈ જકડિયા



## પી. એન. આર. હૉસ્પિટલ

**સપ્ટે.-૧૯ થી ઓક્ટો.-૧૯ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહત દરે સારવાર આપવામાં આવેલ છે**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશનના દર્દીની સંખ્યા | વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશનના દર્દીની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ઓર્થોપેડિક | ૬૩૩ | ૧૪ (૦૩ પોલિયો) | જનરલ ઓપીડી | ૧૬૨૨ | - |
| આંખ | ૮૭૯ | ૨૯૩ | એક્ષ-રે | ૨૨૮ | - |
| આંખની છારી | ૩૦ | - | લેબોરેટરી | ૫૬૭ (દર્દી) | ૧૪૯૩ (ટેસ્ટ) |
| ઈ.એન.ટી. | | | રસીકરણ | ૩૬ | - |
| (કાન,નાક,ગળા) | ૧૧૪૬ | ૨૬ | રૂબેલા | ૪૫ | - |
| ઓર્થોસ્કોપી | ૩૬ | ૦૧ | ચામડી | ૧૨૧ | - |
| પ્લાસ્ટિક સર્જરી | ૭૧ | ૨૧ | ઓરલ સર્જન | ૦૭ | ૦૨ |
| લેટર ટ્રીટમેન્ટ | ૦૨ | ૦૧ | ફિઝિશયન વિભાગ | ૦૭ | - |
| હેર ઈમ્પ્લાન્ટ | ૧૯ | ૦૬ | ત્રાંસી આંખ | ૩૪ | ૦૬ |
| ઓર્થોડેન્ટલ | ૨૪૫ | ૨૭૯ | પીડિયાટ્રીક ડેન્ટલ | ૦૧ | - |

# પાર્કિન્સન્સના દર્દીઓની તીર્થ યાત્રા



પી.એન.આર. સોસાયટી દ્વારા ચલાવાતાં શ્રી બી. કે. પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપ ૨૦૧૩થી કાર્યરત છે અને દર રવિવારે અને ગુરૂવારે દર્દીઓને ફિઝીયોથેરાપી કરાવીને તેમને રાહત આપે છે. તે ગ્રુપના ૫૭ પાર્કિન્સન્સ દર્દીઓએ, ૨૦ ઓકટોબરના રોજ ભુરખિયા હનુમાન, વાંકિયા હનુમાન અને સાંઢિડા મહાદેવની તીર્થયાત્રા કરેલ.

પ્રાચીન તીર્થસ્થાનોમાં ભકિત સંગીતમાં મસ્ત થઈ, સામાન્ય જનોની જેમ મંદિરમાં નર્તન-કીર્તન સાથે પગથિયાઓ ચડી, ભકિતરસમાં પોતાની બિમારી વિસરી જઈ, **પાર્કિન્સન્સ પરિવાર** ની ભાવના સાથે મહાપ્રસાદ લીધેલ અને સકુશળ પરત ફરેલ.

પાર્કિન્સન્સના ગરીબ દર્દીઓને દવા ઉપરાંત રિક્ષાભાડાની સહાય અપાય છે, તો પાર્કિન્સન્સ દર્દીઓએ આ ગ્રુપમાં જોડાવા શ્રી કે. ડી. પડિયા મો. ૯૬૨૪૯૧૭૯૧૭ નો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

# પાર્કિન્સન્સના દર્દીઓએ ઉજવી દિવાળી

પી.એન.આર. સોસાયટી દ્વારા ચલાવાતાં શ્રી બી. કે. પારેખ પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપ દ્વારા, પાર્કિન્સન્સના રોગથી અસરગ્રસ્ત, આનંદી દર્દીઓએ ધ્રુજતા હાથે, સાથે મળીને અનિવાર્ય બિમારી સામે વિજય મેળવ્યાના પ્રતીકરૂપે, **હેપ્પી દિવાળી** ની રંગોળી બનાવી, મિણબત્તીઓ પ્રકટાવી એક બીજાને શુભેચ્છા આપી, હર્ષોલ્લાસ સાથે દિવાળી ઉજવી હતી.



# સંક્ષિપ્ત સમાચાર

✍ જીજ્ઞાબહેન શાહ



## મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની વિશિષ્ટ શાળા

### ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી



સી.પી. સ્કૂલ ખાતે તા. ૧ ઓકટોબર ૨૦૧૯ ના રોજ મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શરૂઆત બાળકો દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ વિડીયો દ્વારા ગાંધીજીનાં કુટુંબ તથા તેમના જીવન વિશે માહિતી નિહાળ્યા બાદ, પોતાની કાલી ઘેલી ભાષામાં શાળાના વિદ્યાર્થી કેવલ સોલંકીએ સ્પિચ આપી હતી. ત્યારબાદ સી.પી. સ્કૂલના વિશિષ્ટ શિક્ષક શ્રી જયોતિબેન પરમાર તથા આહિર કૃણાલ દ્વારા ''સાબરમતીનાં સંત તૂને કર દિયા કમાલ....'' ગીત રજૂ કરેલ. નેશનલ ટ્રસ્ટ દ્વારા ચાલતા,'દિશા કમ વિકાસ પ્રોજેકટ' ના બાળકો દ્વારા ગાંધીજીના જીવનને ઉજાગર કરતું 'રઘુપતી રાઘવ રાજા રામ' ના ગીત પર અભિનય કરવામાં આવેલ હતો. આ કાર્યક્રમ દરમ્યાન સી.પી. સ્કૂલ તથા દિશા કમ વિકાસ પ્રોજેકટના કાર્યરત સિનીયર ઓકયુપેશનલ થેરાપિસ્ટ શ્રી અમીતભાઈ મિત્રાને રજી ઓકટોબરના આવતા જન્મદિવસની આગોતરી શુભેચ્છાઓ પાઠવી, બર્થ ડે કાર્ડ ભેટ સ્વરૂપે આપવામાં આવેલ. આ કાર્યક્રમનું સંચાલન વિશિષ્ટ શિક્ષક શ્રી ખેવનાબેન ઓઝા દ્વારા કરાયેલ. ગાંધીજીનો ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે ગાંધીજીનાં વિવિધ ૧૫૦ ચિત્રોમાં રંગપૂર્ણીનું આયોજન કરવામાં આવેલ હતું. રંગપૂર્ણી કાર્યક્રમમાં ૧૫૦ જેટલા દિવ્યાંગ બાળકોએ ભાગ લીધો હતો. તેનું સંકલન સી.પી.સ્કૂલના વિશિષ્ટ શિક્ષક શ્રી તૃપ્તીબેન મહેતા દ્વારા, ઈન્ચાર્જ પ્રિન્સિપાલ શ્રી જિજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ હતું. તા. ૨ ઓકટોબર ૨૦૧૯ ના રોજ સી.પી. સ્કૂલની હોસ્ટેલનાં દિવ્યાંગ બાળકોએ ગૃહપતિ શ્રી લાલજીભાઈ પંડયાનાં નેતૃત્વમાં શ્રમયજ્ઞમાં જોડાઈ કેમ્પસને 'કચરા મુકત' સ્વચ્છ બનાવ્યું. 'વૈશ્નજન તો તેને રે કહીયે', ભજનનું શ્રવણ કર્યુ અને સાંજે ભારત સ્કાઉટ ગાઈડ સંઘ આયોજીત ચિત્ર સ્પર્ધામાં ભાગ લીધો હતો.

### સી.પી. ડે ની ઉજવણી

તા.૩/૧૦ ના રોજ **સી.પી. ડે** ની ઉજવણી, નટરાજ સી.પી. સ્કૂલ અને સંલગ્ન પ્રોજેકટના વિશિષ્ટ શિક્ષકો અને થેરાપિસ્ટ સ્ટાફ દ્વારા સેરેબ્રલ પાલ્સી વિશે જનજાગૃતિ ફેલાવીને કરવામાં આવી હતી. જે અંતર્ગત જૂદી જૂદી સમધારણ શાળાઓમાં જઈને, સેરેબ્રલ પાલ્સી અંગે P.P.T. દ્વારા વિશિષ્ટ માહિતી, જે-તે શાળાના વિદ્યાર્થીઓ તથા સ્ટાફને આપવામાં આવેલ અને તેમના ઘરની આસપાસ આવા લક્ષણો ધરાવતું કોઈ બાળક જો તેમને નજરે પડે તો, તેઓને મગજના લકવા ધરાવતા બાળકો માટેની ગુજરાતની એકમાત્ર શાળા સી. પી. સ્કૂલ વિશે માહિતી આપવા માટે વિનંતી કરવામાં આવેલ. આ અવેરનેસ કાર્યક્રમમાં ૫૦૦થી વધુ લોકોને પત્રિકાઓનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

### સ્પીચ થેરાપી માટે આઈ-પેડની સુવિધા




તા. ૫/૧૦ ના રોજ નટરાજ સી.પી. સ્કૂલ તથા સંલગ્ન પ્રોજેકટના સ્પીચની સમસ્યા ધરાવતા બાળકોના ટ્રીટમેન્ટ માટે આપવામાં આવતી સ્પીચ થેરાપીમાં આઈ-પેડનો ઉપયોગ કરવામાં આવશે. મિસીસ આલોકા ગુહા (ડિસેબિલિટી કન્સલટન્ટ અને નેશનલ ટ્રસ્ટના ફાઉન્ડર ચેરપર્સન)ના હસ્તે આઈ-પેડ બાળકોને અર્પણ કરવામાં આવેલ. આઈ-પેડ દ્વારા સ્પીચ થેરાપીની જરૂરિયાત ધરાવતા સી.પી., એમ.આર., ઓટિઝમ અને મલ્ટીપલ ડિસેબલ્ડ બાળકોને તેની જરૂરિયાત મુજબ એસેસમેન્ટ કરી 'આવાઝ' સોફ્ટવેર વડે શીખડવામાં આવશે.

## CRE પ્રોગ્રામ



તા. ૩ થી ૫ ઓક્ટોબર-૨૦૧૯ દરમ્યાન પી.એન.આર. શાહ સોસાયટી દ્વારા RCI, New Delhi માન્યતા પ્રાપ્ત CRE Status State Leval Conference "Strategies for Behaviour Management "નું આયોજન કરેલ. જેમાં નેશનલ ટ્રસ્ટના ફાઉન્ડર ચેરપર્સન તેમજ ડિસેબિલિટી કન્સલટન્ટ Expert feculty Dr. Aloka Guha, જેઓ કલકત્તાથી આવેલ તેમણે ૫૦ વિશિષ્ટ શિક્ષકોને Behaviour Managementનો પરિચય, આયોજન, તેમજ પધ્ધતી અંગેની વિસ્તૃત માહિતી આપી, તેમજ ગૃપ એક્ટિવીટી અને પ્રેક્ટીકલ જ્ઞાન દ્વારા વિશિષ્ટ શિક્ષકોને જરૂરી પ્રશિક્ષણ પૂરું પાડેલ તેમજ સર ધનંજય દેશમુખ જેઓ Assistant Proffesor of Intellectual Education Professor તરીકે ગાંધીનગરમાં કાર્યરત છે. તેઓએ Strategies for Behaviour Management Plans for CWSN & MR,CP,Autism,Multipal Deceblity બાળકો માટેના Behavioral Issues ૫ર જરૂરી જ્ઞાનવર્ધક માહિતી પૂરી પાડેલ. તેમજ નટરાજ સી.પી. સ્કૂલના આચાર્ય શ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા Positive Reinforcement Intervention નું વિવિધ પ્રેક્ટીકલ કાર્ય સંભાળવામાં આવેલ હતું. આમ આ CRE પ્રોગ્રામમાં વિશિષ્ટ શિક્ષકોને, વિશિષ્ટ જ્ઞાન પુરું પાડવામાં આવેલ હતું. આ સમગ્ર પ્રોગ્રામનું આયોજન તેમજ સંચાલન શ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ, શ્રી રેશ્માબેન ભાવસાર તેમજ હિરલબેન કક્કડ દ્વારા કરવામાં આવેલ.

## દાંડીયારાસ-ગરબાનું આયોજન

તા. ૫/૧૦ ના રોજ સાંજના ૫ થી ૮:૩૦ દરમ્યાન નટરાજ સી.પી. સ્કૂલ અને સંલગ્ન પ્રોજેક્ટના સી.પી., મંદબુધ્ધિ, ઓટિઝમ, બહુવિકલાંગતા ધરાવતા દિવ્યાંગ ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓ, વાલીઓ, સંસ્થાના કાર્યકરોની વિશાળ ઉપસ્થિતીમાં **સ્વ. તારાબેન દોશી**ની પૂણ્યસ્મૃતિમાં રાસ-ગરબાની રમઝટનો નગરાત્રી મહોત્સવ ઉજવાયો હતો. જેમાં દર વર્ષની માફક આ વર્ષે પણ દિવ્યાંગ વિદ્યાર્થીઓ અને વાલીઓની અભિવ્યક્તિને રજૂ કરતી આરતીની **ડિશ ડેકોરેશન સ્પર્ધા** તથા રાસગરબા રમતા ખેલૈયાઓ વચ્ચે રસાકસીથી ભરપૂર સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં હાઈટેક ઈન્કલ્યુઝીવ સ્કૂલના વિદ્યાર્થીઓ જોડાયા હતાં. ૨ થી ૩ કલાક સતત રાસગરબા સ્પર્ધામાં નિર્ણાયક શ્રી તરૂણભાઈ કોઠારીએ આરતી ડેકોરેશન, ટ્રેડિશનલ ડ્રેસ અને રાસ રમતા ખેલૈયાઓની સ્પર્ધામાં સવોત્તમ દિવ્યાંગ બાળકો, વાલીઓ, કાર્યકરોને પસંદ કરી અઘરૂં કાર્ય, શ્રેષ્ઠ રીતે પૂર્ણ કર્યુ. ૨૫ જેટલા દિવ્યાંગ બાળકોએ **આરતી ડેકોરેશન સ્પર્ધા**માં ભાગ લીધો હતો. ૩૫ સ્પર્ધકોને ત્રણ સ્પર્ધામાં આકર્ષક ઈનામો, ઉપસ્થિત મહેમાનોના હસ્તે આપવામાં આવેલ. કાર્યક્રમના અંતે દિવ્યાંગ વિદ્યાર્થી તથા સ્ટાફને સ્વદિષ્ટ ભોજન કરાવવામાં આવ્યું. આ કાર્યક્રમનું આયોજન શ્રી પારસભાઈ શાહના માર્ગદર્શન હેઠળ સી.પી. સ્કૂલના આચાર્યશ્રી જિજ્ઞાબેન સોલંકી, વિશિષ્ટ શિક્ષક જયોતીબેન પરમાર, લાલજીભાઈ પંડયા, પ્રિવેન્શન વિભાગની ટીમ, હાઈટેક ઈન્કલ્યુઝીવ સ્કૂલના આચાર્ય શ્રી હિતેનભાઈ પંડયા વગેરેએ સુંદર રીતે પૂર્ણ કરવામાં આવેલ.

## તળાજા રીસોર્સ સેન્ટર



તા. ૧/૧૦ ના રોજ પી.એન.આર. સોસાયટી સંચાલિત તળાજા રીસોર્સ સેન્ટરના, મગજના લકવાગ્રસ્ત તથા મંદબુદ્ધિ દિવ્યાંગ બાળકો દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ આદ્યશકિત માઁ ની, **નવરાત્રી** હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમ દરમ્યાન વાલી મિટીંગ તથા સેન્ટરના સ્પેશ્યલ એજયુકેટર પંકજભાઈ કટકિયાના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. તેમના તરફથી બાળકોને સ્કૂલ-બેગ કીટ, તેમજ બાળકો તથા વાલીઓને નાસ્તાનું વિતરણ કરવામાં આવેલ. કાર્યક્રમાં વાલીઓને બાળકોની સારવાર તેમજ સાર-સંભાળ વિશેની વિશેષ માહિતી પૂરી પાડવામાં આવેલ. કાર્યક્રમમાં કુલ ૨૫ બાળકો તથા વાલીઓ જોડાયા હતાં.

## પાલીતાણા રીસોર્સ સેન્ટર

તા. ૪/૧૦ ના રોજ પાલીતાણા રીસોર્સ સેન્ટર દ્વારા બી.આર.સી. ભવન પાલીતાણા ખાતે, **વર્લ્ડ સી.પી. ડે** તથા **નવરાત્રી**નું સંયુકત આયોજન કરવામાં આવેલ. જેમાં અન્ય દિવ્યાંગ બાળકોના વાલીઓને સી.પી. વિશે માહિતી

આપવામાં આવેલ. ત્યારબાદ વિદ્યાર્થીઓના વાચિક અવયવોના વિકાસમાં ઉપયોગી રમતોની સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. બધા વાલીઓ અને સેન્ટરના વિદ્યાર્થીઓ, કેરગીવર્સ કૈલાશબેન પરમાર, ફિઝીયોથેરાપિસ્ટ હિનાબેન મકવાણા અને ભવનના સ્ટાફ વગેરેએ માતાજીની આરતી કરી, ગરબા લીધા હતાં. આ કાર્યક્રમમાં ૩૫ દિવ્યાંગ ભાઈ-બહેનો અને વાલીઓને સી.પી. વિષેની માહિતી આપતી પત્રિકાનું વિતરણ કરાયું હતું.

## મહુવા રીસોર્સ સેન્ટર



તા.૫/૧૦ ના રોજ મહુવા રીસોર્સ સેન્ટર ખાતે **દાંડિયારાસ**નું આયોજન સેન્ટરના બાળકો માટે કરવામાં આવેલ. જે માટે બાળકો આર્કષક પરંપરાગત વેશભૂષા ધારણ કરી, સેન્ટરમાં દાંડિયારાસ લેવા માટે ભેગા થયા હતાં. બાળકને દાંડિયારાસ લેવા માટે દાંડિયા, રાજેન્દ્રભાઈ બોસમિયા તરફથી ભેટમાં આપવામાં આવ્યાં હતાં. આ બાળકો માટે એક યાદગાર પ્રસંગ બની ગયો હતો. છેલ્લે દરેક બાળકોને નાસ્તો હિમાંશુભાઈ ચૌહાણના મમ્મી તરફથી આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું આયોજન મહુવા સેન્ટરના કેરગીવર્સ સ્મિતાબેન ટાપણિયા અને ફિઝિયોથેરાપીસ્ટ વૈભવીબેન એ કર્યુ હતું. વાલીઓના સહયોગથી કાર્યક્રમ સુંદર રીતે સંપન્ન થયો હતો.

## સ્વ. શ્રી રેખાબેન હર્ષદરાય શેઠને સ્વરાંજલી

તા. ૧૦/૧૦ ના રોજ નટરાજ ઓડિટોરીયમમાં પી.એન.આર. સોસાયટી તથા સંલગ્ન સંસ્થાઓ દ્વારા, ગલિયાકોટ પરિવાર-મુંબઈના સ્વ. શ્રીમતી રેખાબેન હર્ષદરાય શેઠને સ્વરાંજલી આપવામાં આવેલ. સમૂહ પ્રાર્થના બાદ, સી.પી. સ્કૂલના શિક્ષકો દ્વારા ભજનનું ગાયન કરવામાં આવેલ. ત્યાર બાદ શ્રી બાબાભાઈ શાહ (ફાઉન્ડર ટ્રસ્ટી, પી.એન.આર. સોસાયટી) દ્વારા સંસ્થામાં તેમના યોગદાન તથા ગલિયાકોટ પરિવારના સંસ્થામાં જોડાણથી સૌને અવગત કરાવવામાં આવેલ. ત્યાર બાદ સંસ્થાના માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા સંસ્થા વતી શોક સંદેશનું વાંચન કરવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન સી.પી. સ્કૂલના શિક્ષક ખેવનાબેન ઓઝા દ્વારા કરવામાં આવેલ.

## એપીલેપ્સી અંગે સેમિનાર



તા. ૧૬/૧૦ ના રોજ સાંજે ૪ થી ૫ દરમ્યાન નટરાજ ઓડિટોરીયમ ખાતે, નટરાજ સી.પી. સ્કૂલના આચાર્યા શ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા, **એપીલેપ્સી** વિષય પર ડો. ધવલ સોલંકીનું વકતવ્ય ગોઠવવામાં આવ્યું હતું. સંસ્થાના સ્ટાફ, દરેક વિભાગમાંથી બાળકોના વાલીઓ, આમંત્રિત મહેમાનોને, બાળક રાત્રે ઉંઘમાં પેશાબ કરી જતું હોય, આંચકીના લક્ષણો, આંચકીના પ્રકારો અને કારણો, વગેરે વિષય પર ઉપયોગી માહિતી આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં ભાવનગર મેડિકલ કોલેજના ડિન ડો.હેમંતકુમાર મહેતાએ પણ ઉપયોગી માહિતી આપી હતી. ડો.હેમંતકુમાર મહેતાએ સંસ્થાની પ્રવૃત્તિઓને બિરદાવી હતી. સંસ્થા વતી સૌનો આભાર શ્રી ડી. જે. ધંધુકિયા દ્વારા માનવામાં આવ્યો હતો.આ કાર્યક્રમનું સંચાલન વિશિષ્ટ શિક્ષક શ્રી રેશ્માબેન ભાવસાર દ્વારા કરવામાં આવ્યું હતું.

## સેલિંગ કમ પ્રદર્શન



તા.૧૨ અને ૧૩/૧૦ દરમ્યાન બે દિવસ શ્રીમતી અંબિકાબેન ટેકરીવાલ દ્વારા ઈસ્કોન કલબ, ભાવનગર ખાતે **દિવાળી કાર્નિવલ**નું ઉદ્‌ઘાટન તથા દીપ પ્રાગટય, દિવ્યાંગ વિદ્યાર્થીઓના હસ્તે કરી ખુલ્લું મુકવામાં આવ્યું હતું. જેના અંતર્ગત દિવ્યાંગ બાળકોને પ્રોત્સાહન પૂરું પાડવાના આશયથી નટરાજ સી.પી. સ્કૂલના બાળકો દ્વારા નિર્મિત વસ્તુઓનો ફ્રી સ્ટોલ, પ્રદર્શન તથા વેચાણ માટે રાખવામાં આવેલ. આ સ્ટોલમાં બાળકો દ્વારા બનાવવામાં આવેલા કલાત્મક દીવડાઓ, ફ્રુટ ટ્રે, માટીના ગ્લાસ, માટલા, બોટલ્સ, દંતમંજન, પેપરબેગ, કલાત્મક થેલી, ટી-શર્ટ,

કી-ચેઈન્સ, મીણબત્તી, ફાઈલ્સ, ઓવન ગ્લોઝ જેવી વિવિધ વસ્તુઓ પ્રદર્શિત કરવામાં આવેલ. આ દિવાળી કાર્નિવલમાં મુલાકાત લેનાર લોકોએ ઉત્સાહ ભેર ખરીદી કરી, દિવ્યાંગ વિદ્યાર્થીઓને ઘણું જ પ્રોત્સાહન પૂરું પાડેલ. આ સમગ્ર કાર્યક્રમનું સંકલન નટરાજ સી.પી. સ્કૂલના વોકેશનલ શિક્ષકો શ્રી રીનાબેન વસોયા, શ્રી મીરાંબેન પરમાર, શ્રી ગાયત્રીબા ઝાલા, શ્રી હર્ષાબેન પાડલિયા દ્વારા શ્રીમતી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ. તા. ૨૦/૧૦ ના રોજ શિવશકિત હોલમાં વોકેશનલ વસ્તુઓનું સેલિંગ કમ પ્રદર્શન કરેલ. જેમાં કાપડની થેલી, કોડિયા, માટીની બોટલ, દંતમંજન, વગેરે વસ્તુઓનું સેલિંગ કરેલ. આ પ્રદર્શનમાં સી.પી. બાળકો દ્વારા બનાવેલ વસ્તુઓના વધારે પ્રચાર થાય અને બીજા વ્યકિત સુધી પહોંચે, તેવી જાગૃતતા લાવવા માટેનો પ્રયત્ન હતો.

## બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ



તા. ૨૦/૧૦ ના રોજ યશવંતરાય નાટયગૃહ ખાતે



''નવનિધી દિવ્યાંગ ચેરીટેબલ ટ્રસ્ટ'' દ્વારા **ટેલેન્ટ એન્ડ વિનીંગ એવોર્ડ શો** નું આયોજન કરવામાં આવેલ. જેમાં સંસ્થાના ભૂલકાઓ દ્વારા 'મૂજે માફ કરના ઓ સાંઈરામ' ગીત, તથા મોટાં બાળકો દ્વારા 'દશાવતાર' કૃતિ રજુ કરવામાં આવેલ.

## 'રન ફોર યુનિટી'

તા. ૩૧ ઓકટોબર ૨૦૧૯ના રોજ શ્રી સરદાર વલ્લભાઈ પટેલની જન્મજયંતી ''રાષ્ટ્રીય એકતા દિવસ'' તરીકે ગાંધી સ્મૃતિ, ક્રેસંટ સર્કલ ખાતે ઉજવાયેલ. જેમાં સી.પી. સ્કૂલના દરેક કર્મચારીઓ ઉપસ્થિત રહયાં હતાં. શ્રી વિભાવરીબેન દવે તથા મેયરશ્રી, કલેકટરશ્રી, તથા સર્વ મહેમાનોની ઉપસ્થિતિમાં દિપ પ્રાગટય કરવામાં આવેલ. ત્યારબાદ સર્વોએ **રાષ્ટ્રીય એકતા**ના શપથ લીધા હતાં. સરદાર પટેલની આ જન્મજયંતી નિમિત્તે, ક્રેસંટ ખાતે બેંડની મધુર ધ્વની સાથે મંચસ્થ મહાનુભાવો દ્વારા ફલેગ ઓફ સાથે 'રન ફોર યુનિટી' દોડનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. જેમાં નગરજનો સાથે કર્મચારીઓએ ખુબ ઉત્સાહથી ભાગ લીધો હતો.

# વિશિષ્ટ સેવા માટે લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ

એસોસિએશન ફોર ઓકયુપેશનલ થેરાપી, ગુજરાત રાજય દ્વારા, ડૉ. અમિત મિત્રા (સિનીયર ઓકયુપેશનલ થેરાપિસ્ટ) ને સન. ૨૦૧૯ નો **લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ** આપવામાં આવેલ. આ એવોર્ડ અમદાવાદ ખાતે ભવ્ય સમારંભમાં ૩૦૦ જેટલાં ઓકયુપેશનલ થેરાપિસ્ટની હાજરીમાં આપવામાં આવેલ. શ્રી મિત્રા, પી.એન.આર. સોસાયટી સંચાલિત, નટરાજ સી.પી. સ્કૂલની સાથે છેલ્લાં ૨૮ વર્ષથી જોડાયેલ છે. અને સી.પી. બાળકો માટે સેવા આપે છે. આ એવોર્ડ મળવા માટે તેઓને અભિનંદન. સી.પી. બાળકોના ફિઝીયોથેરાપીના આ તજજ્ઞ, પોતાના ટેકનીકલ કામ ઉપરાંત, આ કામ માટે ફંડ રેઈઝીંગ, પ્રોજેકટ બનાવવા-મોકલવા, ફોલો કરી



ગ્રાંટ પાસ કરાવવાની વધારાની જહેમત ઉઠાવે છે. વિકલાંગોના વાલીઓની આર્થિક મુશ્કેલીમાં સહાય થવા **નિરામયા** દિવ્યાંગ વિમા યોજનામાં પણ નોંધપાત્ર કામ કરેલ છે. નેશનલ ટ્રસ્ટ માન્યતા પ્રાપ્ત **'દિશા કમ વિકાસ પ્રોજેકટ'** ની પ્રગતિમાં તેઓનું મહત્વનું યોગદાન છે. લો-પ્રોફાઈલ ધરાવતાં શ્રી અમિત મિત્રા ખરેખર આ સન્માનના અધિકારી છે.




# સંક્ષિપ્ત સમાચાર

✍ ધીરુભાઈ ધંધુકિયા



## હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ

### શાળા સલામતી સપ્તાહની ઉજવણી

પી.એન.આર સોસાયટી સંચાલિત હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલમાં તા - ૨૩-૯ થી ૨૭-૯ સુધી પ્રાથમિક વિભાગમાં **શાળા સલામતી સપ્તાહ**ની ઉજવણી કરવામાં આવેલ. તા. ૨૩-૯ ના રોજ બાળકોને કુદરતી અને માનવસર્જિત આફતોનો સામનો કઈ રીતે કરવો તેની સમજ આપવામાં આવેલ. તા-૨૪-૯ના રોજ વાવાઝોડા જેવી આપત્તિઓ અને પ્રતિભાવ અંગે સ્માર્ટ બોર્ડમાં ઓડિયો-વિડિયો દ્વારા માહિતી આપેલ. તા. ૨૫-૯ના રોજ આપત્તિ નિવારણ જાગૃતિ માટે ફિલ્મ બતાવેલ. તા. ૨૬-૯ના રોજ બચાવકાર્ય અને પ્રાથમિક સારવાર ની માહિતી આપેલ. તા.૨૭-૯ના રોજ બાળકો દ્વારા લાવવામાં આવેલ આપત્તિ નિવારણ જાગૃતિ અંગેના પોસ્ટરો માટે, ઈનામ આપવામાં આવેલ.

### ગ્રીન ડે



સ્કૂલમાં તા - ૨૮-૯ ના રોજ બાલમંદિર વિભાગમાં **ગ્રીન ડે**ની ઉજવણી કરવામાં આવેલ. જેમાં નાના નાના ભૂલકાઓ ગ્રીન કલરનાં પહેરવેશમાં આવેલ અને ગ્રીન કલરનો નાસ્તો જેવો કે, મગ, કાકડી, સલાડ વગેરે લાવેલ. ત્યારબાદ બાળકોએ ડાન્સ પાર્ટી કરેલ.

### ગાંધી જંયતી ઉજવણી

સ્કૂલમાં તા- ૨-૧૦ ના રોજ ગાંધી જંયતીની ઉજવણી કરવામાં આવેલ. જેમાં શાળામાં નરસિંહ મહેતા રચિત ગાંધીજીનું પ્રિય ભજન, **"વૈષ્ણવ જન તો..."** નું સમૂહ ગાન પ્રાર્થના ખંડમાં કરાવવામાં આવેલ. ત્યારબાદ 'ગાંધીજી અમર રહો' ના નારા અને સૂત્રો સાથે બાળકો દ્વારા રેલી કાઢવામાં આવેલ. તથા વિદ્યાર્થીઓ પાસે **પ્લાસ્ટિક મુક્ત ભારત** - સંકલ્પ પણ લેવડાવવામાં આવેલ.

### નવરાત્રી પર્વની ઉજવણી

સ્કૂલમાં અને સી.પી સ્કૂલમાં તા- ૫ ના રોજ નવરાત્રી પર્વની ઉજવણી કરવામાં આવેલ. જેમાં દરેક વિભાગનાં વિદ્યાર્થીઓ ટ્રેડિશનલ પહેરવેશમાં આવેલ. તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર રાસ-ગરબા લીધેલ. નવરાત્રી પર્વની ઉજવણી સાથે **આરતી થાળી ડેકોરેશન સ્પર્ધા** નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ ઘરેથી આરતીની થાળી શણગારીને લાવેલ, તથા આ સ્પર્ધામા ૧ થી ૩ નંબર પણ આપવામાં આવેલ. ઉજવણીનાં અંતે પાઉંભાજી, ગુલાબજાંબુનુ ભોજન કરી કાર્યક્રમ પૂર્ણ કરેલ.

### ICT ટ્રેનિંગ અને સન્માન સમારોહ



પી.એન.આર સોસાયટી દ્વારા તા- ૧૬/૧૧, તા-૧૭/૧૧ ના રોજ **ICT ટ્રેનિંગ**નું આયોજન કરવામાં આવેલ. જેમાં નટરાજ કોલેજના કોન્ફરન્સ હોલમાં ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે ઈન્ફો. કોમ્યુનિકેશન ટેકનોલોજીમાં નિઃસ્વાર્થ રીતે પ્રદાન કરતાં તજજ્ઞોના સન્માન સમારોહનુ તા- ૧૬/૧૧ ના રોજ દીપ પ્રાગટ્ય દ્વારા ઊદ્‌ઘાટન દ્રશ્યમાન મહાનુભાવો દ્વારા કરવામાં આવેલ હતું. આ પ્રસંગે પ્રોફેસર શ્રી નવનીત ભાઈ રાઠોડ, શ્રી કે. આર. ઝાંઝરુકિયા, અન્ય તજજ્ઞો તથા સંસ્થા પરિવારના ટ્રસ્ટી ગણ, શિક્ષકગણ , વિદ્યાર્થીગણ ઉપસ્થિત રહેલ. ICT ના ઉપયોગથી વર્ગ શિક્ષણ સમૃધ્ધ બને છે, એ હેતુસર હાઈટેક સ્કૂલના શિક્ષકગણ માટે દ્વિ દિવસીય તાલીમ ગોઠવવામાં આવી હતી. ગુજરાતમાંથી આ ક્ષેત્રના ૧૦ જેટલા તજજ્ઞોને બોલાવવામાં આવ્યાં હતાં. તેઓએ વર્ગખંડમાં ઉપયોગી થાય તેવી **મોબાઈલ એપ્લિકેશન** અને જુદા જુદા શૈક્ષણિક બ્લોક અંગે માહિતી આપી હતી. તા. ૧૭/૧૧ ના રોજ આ તમામ તજજ્ઞોને સન્માન પત્ર આપી, શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

# ‘સપનાના વાવેતર’ પુસ્તક વિમોચન

## કે. એન. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ (તળાજાવાળા) પરિવારનું રૂા. ચાર કરોડનું માતબર દાન

પી.એન.આર. સોસાયટી અને સંલગ્નિત સંસ્થાઓના સંસ્થાપક અનંતભાઈ કે. શાહ - (બાબાભાઈ) એ તેના ૮૫ વર્ષની જીવન સંધ્યાએ પોતાના અનુભવોને ઉજાગર કરતું પુસ્તક, **‘સપનાના વાવેતર’** લખીને સંસ્થાને અર્પણ કરતા તેના વિમોચનનો કાર્યક્રમ મુંબઈમાં તા. ૮ ડિસે.`૧૯ ના રોજ ડૉ. નરેશભાઈ વેદ અને ભાવનગરમાં તા. ૧૪ ડિસે.`૧૯ ના રોજ ડૉ. નલિનભાઈ પંડિતના વરદ્હસ્તે દાતાઓ, શુભચિંતકો અને કાર્યકર્તાઓની બહોળી હાજરીમાં યોજાય ગયો.

સંસ્થાની વિકાસ યાત્રામાં ખભે-ખભા મિલાવીને સાથે જોડાયેલા આધારસ્થંભ જેવા શ્રેષ્ઠીઓ, સાથીઓ, ઉદાર દિલ દાતાઓ અને કર્મચારીઓના સંઘર્ષ અને સમર્પણની કથા તથા સંસ્થાઓના મેનેજમેન્ટની વાતોને આ પુસ્તકમાં રસપૂર્વક વણી લેવામાં આવી છે.

મુંબઈના વિમોચન પ્રસંગે, શ્રી કે. એન. શાહ ચેરિટેબલ ટ્રસ્ટના શ્રી નરેન્દ્રભાઈ શાહ તથા શ્રી રાજભાઈ, (તળાજાવાળા) પરિવાર તરફથી વિકલાંગ બાળકોની સંમિલિત શિક્ષણ યોજના માટે પી.એન.આર. સોસાયટીને રૂપિયા ચાર કરોડનું માતબર દાન આપવાની જાહેરાત કરવામાં આવી હતી તથા અન્ય દાતાઓ તરફથી પી.એન.આર. હોસ્પિટલના સાધનો તથા અન્ય પ્રોજેક્ટ માટે રૂા. ૨૫ લાખ અને ‘અંકુર’ મંદબુધ્ધિવાળા બાળકોની શાળાના વ્યવસાયિક તાલિમ કેન્દ્ર માટે રૂા. ૨૫ લાખની દાનની જાહેરાત કરવામાં આવી હતી.

શ્રી બીપીનભાઈ શાહે પુસ્તક પરિચય અને શ્રી નેહલબહેન ગઢવીએ કાર્યક્રમનું કોમ્પીયરીંગ કર્યુ હતું. કાર્યક્રમની વ્યવસ્થા મુંબઈ ખાતે શ્રી પ્રકાશભાઈ દેસાઈ અને ભાવનગર ખાતે શ્રી પારસભાઈ શાહે કરેલ. પુસ્તક વાંચનમાં રસ ધરાવતા લોકોએ વિનામૂલ્યે પુસ્તક મેળવવા માટે પી.એન.આર. સોસાયટીમાં શ્રી જીજ્ઞેશભાઈ પારેખ મો. ૭૯૮૪૩૧૫૨૫૨ ઉપર સંપર્ક કરવો.

મુંબઈના કાર્યક્રમમાં શ્રી શશીભાઈ વાઘર, શ્રી ગિરીશભાઈ શાહ, શ્રી નરેન્દ્રભાઈ શાહ, શ્રી ભરતભાઈ પારેખ, શ્રી પ્રકાશભાઈ દેસાઈ, શ્રી કીર્તિભાઈ સંઘવી,








શ્રી હરેનભાઈ સંઘવી, શ્રી હર્ષદભાઈ શેઠ, શ્રી પારસભાઈ શાહ, શ્રી હિતેનભાઈ દલાલ, તેમજ શ્રી બાબાભાઈનો પરિવાર વગેરે સહિત બહોળી સંખ્યામાં શુભેચ્છકો ઉપસ્થિત રહયાં હતાં. જયારે ભાવનગરના કાર્યક્રમમાં સર્વશ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી, મણીભાઈ ગાંધી, નાનકભાઈ ભટ્ટ, અનીભાઈ ગોહિલ, ફાલ્ગુનભાઈ શેઠ, પારૂલબહેન શેઠ તથા સંસ્થાના કાર્યકર્તાઓ વગેરે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતાં.

# 'સપનાનાં વાવેતર' ના વિમોચન પ્રસંગે શ્રી બાબાભાઈનું મનનિય વકતવ્ય



આજે મારા પુસ્તક 'સપનાનાં વાવેતર' નું વિમોચન, સાહિત્ય મર્મજ્ઞ માનનીય ડૉ. નરેશભાઈ વેદના હસ્તે થયું, તેનો મને આનંદ છે. અને વિશેષ આનંદ એ વાતનો છે કે આ વિમોચન મુંબઈમાં થયું. સ્વ. નટવરભાઈની એ ઈચ્છા હતી, પરંતુ હું તે વહેલું પૂરું કરી શકયો નહીં. મોડું થયું અને તેઓ આજે આપણી વચ્ચે નથી, તેનો મને વસવસો છે. જો કે પી.એન.આર. ની મુંબઈ કમિટી અને ટ્રસ્ટી મંડળે ઉત્સાહ અને ઉમંગ સાથે નટવરભાઈનું આ સપનું સાકાર કર્યું છે, સાથે મારા પ્રત્યેનો અહોભાવ વ્યકત કર્યો છે, તે માટે હું સૌનો ઋણી છું.

પી.એન.આર. એ માત્ર એક સંસ્થા નથી, પરંતુ સંસ્થાઓનું જૂથ છે. 'એક છત્ર નીચે બધાજ વિકલાંગોને સેવા મળતી હોય એવી દેશની આ એક સૌથી મોટી સંસ્થા છે', એક ઉપાશ્રયનાં ઓટા ઉપરથી શરૂ થયેલા સેવાયજ્ઞમાંથી આ સંસ્થાઓનું વટવૃક્ષ કેવી રીતે બન્યુ ? આ સવાલ ઘણાં લોકો મને કરતા આવ્યાં છે અને પછી મારી વાત સાંભળીને કહે, 'બાબાભાઈ ! બહુ ઈન્ટરેસ્ટિંગ છે તમારી વાત, એક પુસ્તક લખો. બહુ ઉપયોગી થશે.'

ઈમ્પેકટ યુ.કે. ના ચેરમેન સર જોન વિલ્સન ભાવનગર આવ્યાં, સંસ્થા જોઈને લંડન ગયા, પછી પત્ર લખીને મને કહ્યું, 'ધ સ્ટોરી ઓફ યોર કમિટમેન્ટ, ડેટિંગ બેક ટુ યોર સ્કૂલ ડેઝ, ઈટ, ઈટ સેલ્ફ સો, રીમાર્કબલ, ધેટ, ઈટ ડિઝર્વસ ટુ બી નોન ઈન્ટરનેશનલી વી, ઈન ધી યુ. કે. ઈમ્પેકટ ફાઉન્ડેશન, એન્ડ ઈન્ટરનેશનલ ઈમ્પેકટ પ્રોગ્રામ, વીલ ડુ એનીથીંગ વી કેન ટુ બ્રિંગ યોર વર્ક, ટુ ઈન્ટરનેશનલ એટેન્શન એન્ડ ટુ સપોર્ટ ઈટ.' આમ પુસ્તક લખવાની પ્રેરણા મને મળતી ગઈ અને તેના પરિણામ સ્વરૂપે આજે આ પુસ્તકના એક નાનકડા ભાગમાં મારી આત્મકથા છે. બાકીના પાંચ ભાગમાં એક-એક સંસ્થા, તેના દાતાઓ, કાર્યકર્તાઓ વગેરેની રસપ્રદ વાતોને મેં ઉજાગર કરવાનો પ્રયત્ન કર્યો છે. આ પુસ્તક મારા સીત્તેર વરસના અનુભવોનો નિચોડ છે. આ પુસ્તકના છાપકામનું ખર્ચ સોસાયટીના પ્રમુખ દાતા સ્વ. કાંતિભાઈ શાહ (તળાજાવાળા) ની પુણ્ય સ્મૃતિમાં તેમના પુત્ર શ્રી નરેન્દ્રભાઈ શાહ અને રાજભાઈએ, કે. એન. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ પરિવાર તરફથી આપવાનું સૌજન્ય દાખવ્યું છે તે માટે હું તેમનો હૃદય પૂર્વક આભાર માનું છું.

મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. માનવ સમૂહમાંથી સમાજ બને છે. અને સમાજની સમસ્યાઓમાંથી સંસ્થાઓનો ઉદ્‌ભવ થાય છે. આપણી સંસ્થાઓનો ઉદભવ પણ આમ જ થયો છે. બાળકોને દૂધ, ભણવા માટે પુસ્તકો, રમવા માટે મેદાન જેવી પાયાની જરૂરિયાતમાંથી અમને 'નવજવાન સંઘ' જેવી સંસ્થાની સ્થાપના કરવાની પ્રેરણા મળી હતી. આ માતૃ સંસ્થાના એક કાર્યકરની બહેરી-મૂંગી દીકરી જયોતિબાળાને કેમ કરીને ભણાવીશું ? એ સમસ્યામાંથી એશિયાની પ્રથમ હરોળની શાળાનું નિર્માણ થયું. બે મંદબુધ્ધિવાળી દીકરીઓની હરકતોથી થાકેલાં ગાંધીભાઈએ પરિવાર સાથે ઝેર ગટગટાવી જવાની વાત કરી, તે એક પરિવારની હૃદયદ્રાવક વાતમાંથી મંદબુધ્ધિવાળા બાળકોની શાળા,'અંકુર' સ્થાપવા મન મજબૂર બન્યું. 'ઈન્ટરનેશનલ યર ફોર ધ ડિસેબલ્ડ'ની ઉજવણી વખતે હજારો લાખો, પોલિયો પીડિત બાળકોની સમસ્યા સામે આવી, અને તેમાંથી પી.એન.આર. સોસાયટીનો જન્મ થયો. આર્થિક સંકટમાં ફસાયેલી અંધશાળા બંધ ન થઈ જાય, એ માટે તેનું સુકાન સંભાળવાનું થયું. આમ સમસ્યાઓ સામે આવતી ગઈ અને તેનો ઉકેલ શોધવા જતા સંસ્થાઓનું સર્જન થતું ગયું. આ સર્જન કાંઈ મારા એકલાનું નથી. હા, હું તેનું નિમિત્ત જરૂર છું. પરંતુ ખરેખર તો આમાં કેટલા બધા નામી-અનામી, નાના કે મોટા લોકોનું યોગદાન રહ્યું છે.

આ યોગદાનની શરૂઆત થાય છે ઉપાશ્રયના ઓટા ઉપરથી. ભીખાભાઈની ઓફિસમાં અમે બેઠાં ન બેઠાં ત્યાં ઓફિસ ખાલી કરવાની નોબત આવી, અને પેલો લઘર મજૂર જેવો શાંતિલાલ, દરિદ્રના વેશમાં નારાયણ બનીને મુશ્કેલીના સમયે આવી ચડે છે, ને તેની જગ્યામાં અમને આશરો આપે છે. આ શાંતિલાલ ન આવ્યાં હોત તો ? ઈતિહાસ કાંઈક જુદો જ હોત. એટલેજ મેં દરિદ્રના વેશમાં નારાયણ આવ્યા કે શું ? એમ લખ્યું છે. એવી જ કટોકટી વખતે તારણહાર બનીને આવે છે ચંદુકાકા, જયારે અમારે સપનાની શાળા બાંધવી હતી પણ

ખિસ્સામાં ફૂટી કોડી ન હતી. એ અમને લઈ આવે છે મુંબઈમાં શામજીકાકા પાસે. સંસ્થાનું કામ પાર પાડવા દાતાઓ જોઈએ. દાતાઓ મળે મુંબઈમાં. એ વાસ્તવિક વાત કાકાએ સમજાવી, અને શામજીકાકાએ મુંબઈ કમિટીનો વિચાર આપ્યો. તે આજ સુધી સફળ રહ્યો. અને શામજીકાકાના અવસાનથી શૂન્યાવકાશ સર્જાયો, ત્યારે તેની જગ્યા પૂરવા નટવરભાઈ દેસાઈએ સુકાન સંભાળ્યું. પછી તો સંસ્થાઓમાં અઢળક દાન આવ્યાં. એક-એકથી ચડિયાતી સંસ્થાનું સર્જન થયું. તેમાં ભામાશા જેવા બાબુભાઈ સંઘવી, કાંતિભાઈ શાહ (તળાજાવાળા), વામનભાઈ પારેખ, જીતુભાઈ મહેતા, મોહનભાઈ પટેલ, નયનભાઈ દલાલ, ખુશેન્દ્રભાઈ દેસાઈ, પ્રતાપભાઈ પારેખ, પ્રફુલ્લભાઈ શાહ, લલિતભાઈ પારેખ એક પછી એક મોટા દાતાઓ જોડાતા જ ગયા. અને મફતકાકાએ, જયારે જોયું કે સ્થાનિક ડૉક્ટરોના વિરોધ સામે સોસાયટીની પોલિયો ઝુંબેશ ટકી શકશે નહીં, ત્યારે સર જોન વિલ્સનને સમજાવીને તેમણે ઈમ્પેક્ટ - યુ. કે. સાથે પી.એન.આર. ની પાર્ટનરશીપ કરાવી આપી.

એટલે યુ. કે. ની સંસ્થા થકી રેકગ્નાઈઝેશન થયું, વિદેશની સંસ્થાનો સિક્કો લાગ્યો અને માહોલ બદલાય ગયો. સંસ્થાનું ગ્લોબલાઈઝેશન થયું. પછી વિદેશથી ટેકનોલોજી સાથે કરોડો રૂપિયા આવ્યાં. બીજી તરફ કમળાબેન રતિલાલ દોશી, લિયોનાર્ડ માર્ક અને જેરી જોન્સ જેવા દાતાઓ એ તો વિલ કરીને પોતાની મિલ્કત સંસ્થાના નામે કરી આપી. આવા તો કેટલાયે પ્રસંગો છે, કયાં કયાંથી અણધારી સહાય આવી છે. બહેરાં-મૂંગાં શાળા બાંધવાનું સપનું ચકના ચૂર થવા જઈ રહ્યું હતું, બરાબર ત્યારે જ અમેરિકાની યેલ યુનિવર્સિટીમાંથી, આર્કિટેકટ ધનસુખ ભટ્ટ આવી ચડે છે, વર્ષો સુધી રાહ જોઈને હું નિરાશ થઈને બેઠો હતો, ત્યારે શિક્ષણની ક્રાંતિનાં જનેતા કુસુમબહેન પ્રગટ થાય છે, એવી જ રીતે વિજય નાયક, અમેરિકા છોડીને ભાવનગર આવે છે. સામાનમાં ખભે એક બગલ થેલો કહે, 'આજ થી જ કામ શરૂ કરું છું.' કાંઈ સમજ પડતી નથી. આ બધાને કોણ, કેવી રીતે મોકલે છે ? કોઈ કહે સંસ્થાનું ભાગ્ય, તો કોઈ કહે યોગાનું યોગ છે. તો કોઈ કહે પુરુષાર્થ.જવાબ હંમેશા અનુત્તર રહ્યો છે.

આપણી આ સંસ્થાઓ, એ માત્ર એક ચિલાચાલુ સ્કૂલ નથી. પરંતુ સ્કૂલથી કાંઈક વિશેષ છે. તેમાં પ્રિવેન્શન, ડિટેકશન, એજયુકેશન, ટ્રીટમેન્ટ, ટ્રેનિંગ અને પ્લેસમેન્ટ સુધી, દિવ્યાંગોના જીવનના સર્વાંગી વિકાસની પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. તેનું કાર્યક્ષેત્ર માત્ર ભાવનગર નથી, જિલ્લાના ગામડાંઓ, અને દેશના સત્તર જેટલા રાજયોમાં અને દેશની બહાર પણ વિસ્તરેલું છે. આ સ્પેશ્યલ અને ઈન્કલ્યુઝિવ એજયુકેશન અને મેડિકલ પેરા-મેડિકલ સેવાનો લાભ વરસ દિવસે સાત લાખથી વધુ દિવ્યાંગો લઈ રહયાં છે. પૈસા વગર શરૂ થયેલી, આ પ્રવૃત્તિનું બજેટ, આજે અઢારથી વીસ કરોડ રૂપિયાનું થવા જાય છે. સંસ્થા થકી અનેક દિવ્યાંગ બાળકો, અને તેના પરિવારના જીવન, જીવવા જેવા બન્યા છે.

## મુંબઈ કમિટી દ્વારા શ્રી બાબાભાઈનું સન્માન અગિયાર લાખની થેલી અર્પણ

મુંબઈમાં પુસ્તક વિમોચનના કાર્યક્રમ દરમ્યાન સંસ્થાની મુંબઈ કમિટિના ટ્રસ્ટીઓએ શ્રી બાબાભાઈની અવિરત સમાજ સેવા બદલ તેમનું સન્માન કરીને, રૂા. અગિયાર લાખની થેલી અર્પણ કરી, ધન્યતા અનુભવી હતી.



## ૧૧ લાખની થેલી નિસ્બત ફાઉન્ડેશનને અર્પણ...

શ્રી બાબાભાઈએ આભાર સાથે થેલીનો સ્વિકાર કર્યો અને ટ્રસ્ટી મંડળની તેમના પ્રત્યેની ભાવનાની સરાહના કરી. પછી આ થેલી પોતે રાખવાને બદલે, જરૂરતમંદ દિવ્યાંગ અને સમધારણ લોકોના શિક્ષણ અને આરોગ્ય માટે વાપરવા, નિસ્બત ફાઉન્ડેશનને અર્પણ કરવાનું જાહેર કરીને મુઠ્ઠી ઉંચેરા માનવીનું દૃષ્ટાંત પૂરું પાડયું હતું.



સમય સાથે હંમેશા પરિવર્તન આવે છે, તેમ સંસ્થામાં પણ આવે છે. યુવક મંડળથી શરૂ થયેલી સંસ્થામાં, પહેલું પરિવર્તન આવ્યું, બહેરાં મૂંગાની શાળાથી, અને બીજુ મોટું પરિવર્તન આવ્યું ૧૯૮૭માં પી.એન.આર. સોસાયટીની સ્થાપનાથી. સંસ્થાની પોલિયો ઓપરેશન કેમ્પની પ્રવૃત્તિ દેશભરમાં ફેલાય ગઈ. લાખો બાળકોની સારવાર થઈ, ચાલીશ હજારથી વધુ બાળકોને ઓપરેશન કરીને, તેના પગ પર ચાલતાં કરવાનો વર્લ્ડ રેકોર્ડ થયો.

વિકલાંગો માટે કૃત્રિમ સાધનો બનાવવાનું, પ્રભાકુંવર રતિલાલ વાઘર વર્કશોપ બન્યું, રોગને થતો જ અટકાવવા, પ્રિવેન્શનની પ્રવૃત્તિથી ભાવનગર જિલ્લો પોલિયો ફ્રી થયો. આ જબરજસ્ત મુવમેન્ટે ઈતિહાસ પલ્ટી નાંખ્યો. આ પિરિયડને હું પી.એન.આર. અને સંલગ્નિત સંસ્થાઓનો ગોલ્ડન એરા કહું છું. કારણ કે આ સમયમાં સંસ્થાઓનો અદ્‌ભૂત વિકાસ થયો છે. આ હતું ત્રીજુ પરિવર્તન. એટલે 'પ્રિવેન્શન ઈઝ બેટર ધેન કયોર' સર જોન વિલ્સન ભાવનગર આવ્યાં અને આ વિઝન-મંત્ર આપતાં ગયા. એ પોતે પ્રજ્ઞાચક્ષુ, ઓકસફર્ડમાં ભણ્યાં, વિશ્વ આરોગ્ય સંસ્થા WHO ના કન્સલટન્ટ, બ્રિટનના એમ્બેસેડર. 'સાઈટ સેવર' સંસ્થા દ્વારા એમણે લાખો અંધ લોકોને દ્રષ્ટિ આપી. તેમની સરખામણી હેલન કેલર અને આલ્બર્ટ શ્વાઈટ્ઝર સાથે થતી. એ મને કહે ''બાબાભાઈ! વિકલાંગ બાળકો જન્મ્યાં જ કરશે અને તમે તેનો ઉપચાર કર્યા જ કરશો તો આ સમસ્યા કદી હલ થશે જ નહીં. માટે ચિલાચાલું અભિગમ છોડો. પૃથ્વી પરથી પ્લેગ નાબુદ થયો, શિતળા નાબુદ થયો, પોલિયો નાબૂદ થયો તેમ વિકલાંગતા માટે જવાબદાર રોગોને પણ ચાલો આપણે સાથે મળીને નાબુદ કરીએ.આ રીતે સર જોન આપણને વૈજ્ઞાનિક અભિગમ તરફ દોરી ગયા. તેમાંથી, પી.એન.આર. - ઈમ્પેકટનો પાર્ટનરશિપ પ્રોગ્રામ શરૂ થયો.

વિકલાંગ બાળ જન્મ અટકાવવા રૂબેલા પ્રિવેન્શનમાં બે લાખથી વધુ માતાઓને રક્ષિત કરવામાં આવી. બ્લાઈન્ડનેસ અને ડેફનેસ પ્રિવેન્શન, જન્મજાત કલેપ-લેપ સર્જરી વગેરેથી દુનિયાનું ધ્યાન પી.એન.આર. તરફ દોરાયું. સંસ્થાનું ગ્લોબલાઈઝેશન થયું. અમેરિકાની એ.ટી. એન્ડ ટી., હાર્ટ એન્ડ હેન્ડ ફોર હેન્ડિકેપ્ડ, સોહમ ફાઉન્ડેશન જેવી સંસ્થાઓ અને દેશ વિદેશના દાતાઓ આવવા લાગ્યાં. નયનભાઈ દલાલ પણ આ પ્રોગ્રામથી પ્રભાવિત થયાં. તેમનું પી.ડી. દલાલ ફેમિલી ફાઉન્ડેશન પણ આ મૂવમેન્ટમાં જોડાયું. અને સંસ્થાએ સફળતાના શિખરો સર કર્યા. બહુ મોટો ઈતિહાસ છે આ. હું ઈચ્છું છું કે તમે મારૂં પુસ્તક વાંચો. કેવો ગૌરવપ્રદ વારસો આપણે ધરાવીએ છીએ, તેનો તમને ખ્યાલ આવશે.

''આ ગૌરવપ્રદ વારસાને જાળવી રાખવા તમે શું કર્યું છે ? તમારા પછી કોણ ?'' એવો પ્રશ્ન ઘણાં મને પણ પૂછે છે. પ્રશ્ન પૂછનારની ચિંતા સાચી છે. એ પ્રશ્ન કાંઈ આજનો નથી. યુગોથી થતો આવ્યો છે. છતાં દુનિયા ચાલે છે અને ચાલતી રહેશે.

આપણી સંસ્થાઓનું પણ એવું જ છે. જરૂરિયાતોમાંથી એક પછી એક ટ્રસ્ટ બનતા ગયા. પી.એન.આર. એક સંસ્થા નથી, પણ સંસ્થાઓનું જુથ છે. આ છ સંસ્થાઓને અમે યુકિતપૂર્વક જોડીને એક ફોરમ બનાવ્યું છે. સાથે મળીને, કામ કરવાથી સૌનો વિકાસ થયો છે. મારી દ્રષ્ટિએ, બધા ટ્રસ્ટોને ભેગા કરીને બહુ મોટું ટ્રસ્ટ બનાવવાને બદલે, નાના-નાના યુનિટ વધુ કાર્યક્ષમ બની રહે છે. જરૂરત છે મન મોટું કરીને સાથે રહેવાની.

આ સંસ્થાઓને ટકાવી રાખવા, નવી ટીમના ગઠબંધનની જરૂરિયાત ઉપર હું ભાર મૂકું છું. કોઈ એક, નટવરભાઈ કે બાબાભાઈ કદાચ ન બની શકે, પરંતુ સેવાને સમર્પિત બધા ભેગા મળીને, તેનો સરવાળો જરૂર કરી શકે. નટવરભાઈને આ

**(આગળ પેજ નંબર ૩૦ ઉપર)**

## સંવેદનાની ઝાંખી

'ઘણાં માણસો રાજયોગ લઈને જન્મે છે'. એવું જનરલી આપણે કયાંકને કયાંક બોલતાં કે સંભાળતાં હોઈએ છીએ..

પણ અમારા માટે આ બૂક વિમોચનની સાંજ રાજયોગ લઈને જન્મી છે... કારણ કે આપ સૌની ઉપસ્થિતિ છે... જે સૌની સરવાણીનો સાર્થક મનસૂબો કહી શકાય... પધારેલ આપ સર્વે દ્વારા 'સપનાના વાવેતર' પુસ્તકને ભાષા સાથે વાચા મળશે અને એ સંવેદનાની ઝાંખી ચોક્કસ થશે એ ખાત્રી છે જ...

આ સાથે મુરબ્બી ડૉ. નલિન પંડિતની ખાસ ઉપસ્થિતિએ અમને ચેતનવંતા કર્યા છે, શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી, જેવાં વડીલોનું પીઠબળ છે, અમારા બીપીન કાકા જેમણે પુસ્તકની પ્રસ્તાવના બાંધી છે... એમના માટે ધ્રુવ ભટ્ટની આ પંકિતઓ યોગ્ય ગણાય કદાચ...

**'આપણે તો કહીયે કે દરિયાશી મોજમાં,**<br>
**ને ઉપરથી કુદરતી રહેમ છે,**<br>
**ફાટેલાં ખિસ્સાની આડમાં મુકી છે અમે,**<br>
**છલકાતી-મલકાતી વાતો,**<br>
**વધ-ઘટના કાંઠાઓ રાખે હિસાબ,**<br>
**નથી પરવાહ સમંદરને હોતી'**

રાતરાણીની સુગંધ બધાને પ્રિય હોય, એમ નેહલ ગઢવીનું સંચાલન પણ અવિસ્મરણીય છે... પારસભાઈ અને સુકેતુ સાથે મિત્રોના સંયોજને વ્યવસ્થા દીપાવી છે...

જમવા અને જમાડવાના શોખીન ભૂપત કાકાની ભોજન વ્યવસ્થા ઉત્તમ. અને છેલ્લે આપ સર્વે પધારેલ સ્વજનો અને આપ્તજનોનો પણ ખૂબ હૃદયપૂર્વક આભાર માનું છું...'

**- ધ્વનિ શાહ**

ભાવનગરમાં 'સપનાના વાવેતર' પુસ્તક વિમોચન પ્રસંગે



# સંક્ષિપ્ત સમાચાર

✍ કૌશિક પરમાર



## એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક એન્ડ ઈન્સ્ટિટ્યૂટ

### તાલીમાર્થીઓને અનાજકીટની સહાય



પી.એન.આર. સોસાયટી સંચાલિત, એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં, ગુજરાતભરના વિકલાંગ ભાઈ-બહેનો કોમ્પ્યુટરની તાલીમ વિનામૂલ્યે મેળવી રહયાં છે. આ તાલીમાર્થીઓને સહાય આપવા શહેરના શુભેચ્છકો વિવિધ સ્વરુપે સહાય કરી રહયા છે. તા. ૯.૧૧.૨૦૧૯ ના રોજ આંતરરાષ્ટ્રીય સ્તરે મેમણ સમાજના વિકાસ અને ઉત્કર્ષ માટે કામ કરતી સંસ્થા, **વર્લ્ડ મેમણ ઓર્ગેનાઈઝેશન**, તરફથી જશ્ને ઈદે મિલાદુન્નબી નિમીત્તે ૨૫ વિકલાંગ તાલીમાર્થીઓને અનાજ, તેલ, ચા, કોફી તથા અન્ય જીવનજરુરી ચીજવસ્તુઓની કિટ તથા રુ. ૨૦૦/- રોકડ સહાય આપવામાં આવેલ. વર્લ્ડ મેમણ ઓર્ગેનાઈઝેશન




નોર્થ ઈન્ડિયા ચેપ્ટરના પ્રમુખ અહેસાનભાઈ ગડાવાળા, હાઉસિંગ ચેરમેન સફીભાઈ મુલાણી અને ભાવનગર શહેર ચેરમેન જાવેદભાઈ દૌલાના સંકલનથી અને સંસ્થાના કાર્યકર મેહુલભાઈ બુધેલિયાના પ્રયત્નોથી આ કાર્યક્રમ સંપન્ન થયેલ. આ ઉપરાંત મુસ્લિમ સમાજના અન્ય સંગઠનો દ્વારા હોસ્ટેલના ૨૦ જેટલાં વિકલાંગ ભાઈ-બહેનોને ૩ ટાઈમ મીઠાઈ, ફ્રુટ વિગેરે વિતરણ કરાયેલ. વિકલાંગ તાલીમાર્થી ભાઈ-બહેનોએ આ પ્રસંગે આભારની લાગણી વ્યકત કરી હતી.

### અમેરિકા સ્થિત શ્રી જયંતભાઇ રાજયગુરુની મુલાકાત



મૂળ ભાવનગરના અને હાલ અમેરિકામાં વસતા શ્રી જયંતભાઈ રાજયગુરુએ, એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્કની મુલાકાત લીધી હતી. આ વિભાગની સ્થાપના ૨૦૦૧માં થઈ, ત્યારથી જ શ્રી જયંતભાઈ આ કામગીરીમાં વિનામૂલ્યે પોતાનો સહયોગ આપી રહયાં છે. તેમણે તા.૧૭-૯ ના રોજની એડમિનીસ્ટ્રેટિવ સ્ટાફ મિટીંગમાં વહીવટી સરળતા બાબતે માર્ગદર્શન સૂચનો આપેલ. જેમાં સુકેતુભાઈ શાહ, કૌશિકભાઈ પરમાર અને મેહુલભાઈ બુધેલિયા ઉપસ્થિત રહેલ. તા.૧૮-૯ ના રોજ વિભાગને વધુ કાર્યદક્ષ કઈ રીતે બનાવી શકાય તે બાબતે, ફેકલ્ટી સાથે ચર્ચા કરી માર્ગદર્શન આપેલ. તા. ૧૯-૧૧ ના રોજ ભાવનગર તથા સિહોર સેન્ટર ખાતે તાલીમ મેળવી રહેલાં વિકલાંગ તાલીમાર્થીઓની સાથે મુકત મને વાતચીત કરી, પ્રોત્સાહક વકતવ્ય આપેલ અને ઉપસ્થિત તમામ વિકલાંગ ભાઈ-બહનોને ગોરસ ગાર્ડન રેસ્ટોરન્ટમાં ડીનર કરાવેલ.

### ગુજરાત ખેલ-મહાકુંભમાં તાલીમાર્થીઓની સિધ્ધિ

ગુજરાત ખેલમહાકુંભ અંતર્ગત, જિલ્લા સ્પેશયલ દિવ્યાંગ ખેલમહાકુંભમાં એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં ભાવનગર તથા સિહોર સેન્ટર ખાતે કોમ્પ્યુટરની તાલીમ મેળવતાં વિકલાંગ તાલીમાર્થીઓએ ભાગ લીધેલ. જેમાં સફળતા મેળવનારને ગુજરાત સરકાર તરફથી પ્રમાણપત્ર અને રોકડ પૂરસ્કાર મળશે. તમામ ખેલાડીઓને સંસ્થા તરફથી અભિનંદન પાઠવવામાં આવેલ. જેમાં ચંદુબેન ચૌહાણ (સિહોર) ચક્ર ફેંકમાં ત્રીજા નંબરે અને દોડ સ્પર્ધામાં પ્રથમ નંબરે આવેલ. તથા ખુશી ગોહિલ (સિહોર) ચક્ર ફેંકમાં પ્રથમ નંબરે આવેલ.



# સંક્ષિપ્ત સમાચાર

✍ નેહલ ત્રિવેદી



## શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા - ટ્રસ્ટ

### વિશ્વ બધિર સપ્તાહની ઉજવણી

સમગ્ર વિશ્વમાં દર વર્ષે સપ્ટેમ્બર મહિનાના છેલ્લા સપ્તાહમાં **ડેફ વિક**ની ઉજવણી કરવામાં આવે છે. જે અંતર્ગત આપણી શાળામાં તા. ૨૭/૯ ના રોજ તમામ વિદ્યાર્થીઓને જીવનમાં ઉપયોગી પ્રેરણાદાયક વિડિયો બતાવવામાં આવેલ. જેમાં ડેફ લોકોએ પોતાના સ્વબળે હાંસલ કરેલ સિધ્ધિઓને જોઈને, શ્રવણમંદ વિદ્યાર્થીઓ પ્રોત્સાહિત થયેલ. આજ સપ્તાહની ઉજવણીમાં તા. ૨૮/૯ ના રોજ **વિસરાઇ જતી શેરી રમતો** ના નિદર્શન હેઠળ શ્રવણમંદ વિદ્યાર્થીઓને ગિલ્લી-દંડો, ખો ખો, જૂથ રમત, ગિલ્લોલ, દોરડા ખેંચ, ધમાલ ધોકો, ફૂંક દાવ, દોરડા કૂદ, લીંબુ ચમચી, ઈંગણ ઠીંગણ વગેરે રમતો રમ્યાં હતાં. આ રમતો દરમ્યાન દરેક વ્યકિતમાં રહેલું બાળક આનંદિત થયું હતું. આ સમગ્ર કાર્યક્રમમાં મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી જીતુભાઈ શાહ, આચાર્યશ્રીઓ ઈલાબેન, શ્રી શૈલેષભાઈ તથા બધા શિક્ષકોએ ઉપસ્થિત રહીને બાળકોને પ્રોત્સાહિત કરેલ.

### ગાંધી જયંતિની ઉજવણી

ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ નિમીત્તે શાળામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. જેમાં ગાંધીજીના જીવનપ્રસંગોની વિડિયોકલીપ્સનું નિદર્શન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, શાળાના વડીલશ્રીઓ શ્રી અનંતભાઈ શાહ, અને શ્રી જીતુભાઈ તથા પ્રાથમિક શાળાના આચાર્યશ્રી ઈલાબેન મજમુદાર અને માધ્યમિક શાળાના આચાર્યશ્રી શૈલેષભાઈ દવે, શિક્ષકો તથા વિદ્યાર્થીઓ હાજર રહયાં હતાં. રીસેસના સમયબાદ ધો. ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાઓ જેવી કે, **ગાંધીજીના જીવન કથન** પર **નિબંધ સ્પર્ધા** અને **ચિત્ર સ્પર્ધા**નું પણ આયોજન કરવામાં આવેલ. આ દિવસે આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા જાહેર કરેલ થીમ**નો સિંગલ પ્લાસ્ટિક યુઝ** અંતર્ગત જનજાગૃતિના હેતુથી આપણી શાળાના શ્રવણમંદ વિદ્યાર્થીઓએ રસ્તા પર લોકોને રોકીને, તેમને કાપડમાંથી જાતે બનાવેલ થેલીઓ ભેટ કરીને, સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવાનો સંદેશ આપેલ. આ કાર્યક્રમનું માર્ગદર્શન શાળાના મંત્રીશ્રી અશ્વિનભાઈ, પ્રાથમિક શાળાના આચાર્યશ્રી ઈલાબેન મજમુદાર અને માધ્યમિક શાળાના આચાર્યશ્રી શૈલેષભાઈ દવેએ આપેલ.

### કાનૂની શિબિર



**બધિર સપ્તાહની ઉજવણી** અંતર્ગત તા. ૨૬-૯ ના રોજ આપણી સંસ્થામાં **કાનૂની શિબિર** યોજાઈ હતી. જેમાં જિલ્લા કાનૂની કોર્ટના ત્રણ વકીલ બહેનોએ આપણાં શ્રવણમંદ ધો. ૮ થી ૧૨ના વિદ્યાર્થીઓને વિવિધ કાનુની માહિતીઓ જેવી કે, પોસ્કો કાયદાની સમજ, વિકલાંગોને મળતા વિવિધ સરકારી લાભો, કાનુની લડતની શરૂઆતથી અંત સુધીની પ્રક્રિયા, વગેરેની ઉંડાણપૂર્વકની સમજ આપેલ. જેની સમજ મેળવીને વિદ્યાર્થીઓમાં એક જવાબદાર નાગરિક બનવા માટેની જાગૃતતા આવેલ.

### બધિર બાળકોનો રાસોત્સવ



આપણી સંસ્થા પરિવાર દ્વારા તા. ૩ થી ૫ ઓકટોબરે શ્રવણમંદ બાળકો માટે, શ્રીમતી ચંદાબેન મોહનભાઈ પટેલ હોસ્ટેલ ગ્રાઉન્ડમાં **નવરાત્રિ રાસોત્સવ**નું આયોજન કરવામાં આવેલ. જેમાં શાળામાં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓએ મન ભરીને રાસ-ગરબા લેવાનો અવસર માણ્યો હતો. સંસ્થા પરિવારના ટ્રસ્ટીઓ, સભ્યો, સમસ્ત છાત્રાલય વિભાગ તથા સ્થાનિક બાળકો, તેના વાલીઓ સાથે, સંસ્થાના તમામ

સ્ટાફ પરિવારે, આ મહોત્સવની ઉજવણી રંગેચંગે કરી હતી. ખેલૈયાઓને પ્રોત્સાહિત કરવા દાતાશ્રીઓના આર્થિક સહયોગથી, સંસ્થા દ્વારા ઈનામોની લ્હાણી, તેમજ અલ્પાહારની વ્યવસ્થા પણ કરવામાં આવેલ.

## અનામપ્રેમ-૨૦૧૯




અનામપ્રેમ એક સ્વૈચ્છિક સંસ્થા જે મુંબઈમાં છે. આ સંસ્થા બધિર બાળકો, મંદબુધ્ધિના બાળકો, સૈનિકો, રેલ્વેના કર્મચારીઓ, નર્સ અને જે સમાજથી ત્યજેલી વ્યકિત છે, તેના માટે કાર્યરત છે, તેમજ તેઓને પ્રોત્સાહન આપે છે. અનામપ્રેમ બધિર બાળકો માટે દર વર્ષે રજી ઓકટોબરે ગાંધી જયંતિની ઉજવણી કરવા માટે આખા ભારતમાં જુદી - જુદી જગ્યાએ હરિફાઈઓ યોજે છે. આ સંસ્થાનો મુખ્ય હેતુ એ છે કે ભારતના દરેક રાજયમાંથી અને બહારના દેશોના બધા જ બધિર બાળકો એક જગ્યાએ ભેગા થાય, હળેમળે અને એકબીજાના વિચારોની આપ લે કરે. આ વર્ષે ૨૦૧૯માં કર્ણાટકના મેગ્લોર શહેરમાં **ઈન્ટરનેશનલ કોન્ફોરન્સ ઓફ ધ હિઅરીંગ એન્ડ સ્પીચ ઈમ્પેર્ડ** યોજાઈ હતી. આ વર્ષે રંગોળી, ચિત્ર, ન્યૂઝ રીપોર્ટિંગ, ગાયન અભિવ્યકિત, સેન્ડ આર્ટ અને સાંસ્કૃતિક પ્રોગ્રામ યોજાયો. દર વર્ષે આપણી શાળાના બાળકો આ હરિફાઈઓમાં ભાગ લેવા જાય છે. આ વર્ષે પણ આપણી શાળાના ૧૪ વિદ્યાર્થીઓ ભાગ લેવા ગયેલ. તેમની સાથે શિક્ષકશ્રીઓ ફાલ્ગુનીબેન મકવાણા (કો-ઓર્ડિનેટર), પ્રશાંતભાઈ દેવમુરારી, સંદિપભાઈ ગોસ્વામી અને દર્શનાબેન જાની ગયેલ. આ વર્ષે ભારતના કુલ ૧૦ રાજયોમાંથી ૨૦ શાળાઓએ ભાગ લીધેલ. જેમાં ભાવનગરની શ્રી ખી.લ. બહેરાં મૂંગા શાળા મોખરે રહી હતી. વિવિધ હરિફાઈઓમાં નીચે મુજબના વિદ્યાર્થીઓએ ઈનામ મેળવેલ. **૧.** ચિત્ર સ્પર્ધામાં પ્રથમ નંબર શ્રી કોમલ મેણિયાએ મેળવેલ. તેને શિલ્ડ અને રૂા. ૧૦૦૦/- રોકડ ઈનામ મળેલ. **૨.** રંગોળી સ્પર્ધામાં પ્રથમ નંબર શ્રી કાજલ ઢાપા, હની પટેલ, શ્રી અસ્મિતા રાઠોડે મેળવેલ. તેમને શિલ્ડ અને રૂા. ૩૦૦૦/- રોકડ ઈનામ મળેલ. **૩.** ન્યૂઝ રીપોર્ટિંગમાં ત્રીજો નંબર શ્રી મોનિકા લાઠિયાએ મેળવેલ. તેને શિલ્ડ અને રૂા. ૧૦૦૦/- રૂપિયા રોકડ ઈનામ મળેલ. **૪.** સેન્ડ આર્ટમાં બીજો નંબર શ્રી શુભમ જોષી, શ્રી કેજલ સલોત, શ્રી સંજય કલસરિયા અને મુકેશ કોટડિયાએ મેળવેલ, તેમને રૂા. ૧૫૦૦/- રોકડ ઈનામ મળેલ.

## શાળા મુલાકાત

તા. ૨૫ સપ્ટેમ્બરે શ્રી વિક્રમભાઈ ભટ્ટ શાળાના અતિથિ વિશેષ તરીકે પધારેલ. તેઓ શ્રી મૂળશંકરભાઈ ભટ્ટના સુપુત્ર છે અને ભાવનગરની જાણિતી સંસ્થા શ્રી દક્ષિણામૂર્તિ વિનય મંદિરના ભૂતપૂર્વ શિક્ષક છે. તેઓએ સુંદર ઉદ્‌બોધન કરેલ, ત્યારબાદ જાણિતા કવિઓની જુની પુરાણી યાદગાર કવિતાઓનું પાઠન કરેલ. સૌએ આ કાવ્યોનો રસાસ્વાદ માણેલ.

## 'મોકળા મને' કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી સાથે...




તા. ૫/૧૦ મુખ્યમંત્રી નિવાસ ગાંધીનગર ખાતે, **'મોકળા મને'** કાર્યક્રમ યોજાયેલ. જેમાં સમાજ સુરક્ષા ખાતા હસ્તકની દિવ્યાંગ બાળકોની શાળાઓમાંથી આપણી શાળાની પસંદગી કરવામાં આવેલ. શાળામાં અભ્યાસ કરતી શૈક્ષણિક અને સહઅભ્યાસક પ્રવૃત્તિઓમાં ઉજ્જવળ કારિકર્દી ધરાવતી ત્રણ બધિર બાળાઓ કાજલ ઢાપા (ધો. ૮), કોમલ મેણિયા (ધો. ૮), હની પટેલ (ધો. ૭) સાથે શાળાના અનુભવી શિક્ષિકાશ્રી લીલાબહેન ચૌહાણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ અને મુખ્યમંત્રીશ્રી સાથે સીધા સંવાદમાં જોડાયેલ. શાળાની આ ત્રણેય દીકરીઓએ મુખ્યમંત્રીશ્રી સાથે થયેલી વાતચીત દરમિયાન પોતાની લાગણીને મોકળા મને વ્યકત કરતાં કહ્યું હતું કે, **'અમે બધિર બાળકો ધો. ૧૨ સુધીના અભ્યાસ બાદ, સ્પેશિયલ કોલેજ ન હોવાથી ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવામાં મુશ્કેલી અનુભવીએ છીએ, જેથી સરકારી નોકરીઓમાં અનામતનો લાભ મેળવી શકતા નથી.'** મુખ્યમંત્રીશ્રીએ આ બાબતે **યોગ્ય કરવા** ખાત્રી આપેલ. શાળાની દીકરીઓએ મુખ્યમંત્રીશ્રીને ભાવનગર આવવાનું અને શાળાની મુલાકાતે પધારવાનું ભાવભર્યું આમંત્રણ આપેલ. તેઓશ્રીએ આમંત્રણને સહર્ષ સ્વિકારી,'આગામી સમયમાં ચોક્કસ આવીશ', તેમ કહેલ.

## મધર ટ્રેનિંગ પ્રોગ્રામ-૨૦૧૯



**'એક માતા સો શિક્ષકની ગરજ સારે'**, આ કહેવત અનુસાર આપણી સંસ્થામાં **'મધર ટ્રેનિંગ પ્રોગ્રામ'** ચાલે છે. જેમાં શ્રવણમંદ બાળકના માતા અથવા સ્વજન તાલીમ મેળવે છે. આ તાલીમ મેળવ્યા બાદ માતા પોતાના શ્રવણમંદ બાળકને સ્વિકારવામાં, સમજવામાં અને તેના સંપૂર્ણ વિકાસ માટે આત્માવિશ્વાસથી સભર બને છે. આ તાલીમનો સમયગાળો ત્રણ મહિનાનો છે. વર્ષ ૨૦૧૯થી આ કાર્યક્રમમાં એક નવતર પ્રયોગ શરૂ કર્યો છે. સ્થાનિક બાળકોના વાલીઓ કે જેઓ આ તાલીમ મેળવવા રેગ્યુલર દિવસોમાં આવી શકતા ન હોય, તેવા વાલીઓ માટે શનિવાર અને રવિવાર બે-બે કલાકની તાલીમ શરૂ કરી છે. જેમાં હાલ ૧૨ માતાઓ તાલીમ લેવા આવે છે. ભાવનગરની સાથે સંકળાયેલ **કુસુમ રિહેબિલિટેશન સેન્ટર** અને **ઉષા-નિપા કલિનીક જૂનાગઢ**માં પણ મધર ટ્રેનિંગ પ્રોગ્રામ ચાલે છે. તેમાં તાલીમ લઈ રહેલ માતાઓ આપણી સંસ્થાની મુલાકાત લેવા અને પરીક્ષા આપવા દર વર્ષે આવે છે. શ્રી મૃદુલાબહેન દેસાઈના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ સફળ રીતે ચાલી રહ્યો છે.

## વાલી મીટિંગ-૨૦૧૯



શ્રવણમંદ બાળકના પુનઃસ્થાપન માટે શિક્ષક, વાલી અને શાળા મહત્વની કડી છે. શાળામાં બાળકોના વિકાસની માહિતી માસવાર વાલીઓ મેળવી શકે. બાળકો પોતાના માતા-પિતાને મળી શકે અને બંને વચ્ચેનો કોમ્યુનિકેશન ગેપ દૂર થાય, ઉપરાંત વાલીઓ, શિક્ષકો, આચાર્ય, મંત્રીશ્રી દરેક વચ્ચે તાદાત્મય સધાય એ હેતુથી મંત્રીશ્રીની સૂચના મુજબ, **વર્ગવાર વાલી મીટિંગ**નું આયોજન કરેલ છે. તા. ૧૩/૯ બાળવર્ગ ૧ અને ૨ ના બાળકોના વાલીઓ સાથે મીટિંગ યોજાયેલ. તા. ૨૬/૯ ધો. ૧ અને ૨માં ભણતાં બાળકોના વાલીઓ સાથે મીટિંગ યોજાયેલ. આ બંને મીટિંગમાં ૯૫% વાલીઓ હાજર રહ્યાં હતાં. દર મહિને એક વખત વાલીએ પોતાના બાળકના વર્ગમાં ઓબ્ઝર્વેશન માટે આવવું તેવું કહેવામાં આવ્યું, ત્યારે વાલીઓએ સકારાત્મક પ્રતિસાદ આપેલ. તા. ૨૩/૧૦ સત્રાંત વાલી મીટિંગ યોજાયેલ. જેમાં પણ બહોળી સંખ્યામાં વાલીઓ હાજર રહેલ. દરેક વાલીએ પોતાના બાળકના વિકાસની માહિતી રસપૂર્વક મેળવેલ.

## લવ યુ જિંદગી



તા. ૨૦/૧૦ ના રોજ **'નવનિધી દિવ્યાંગ ટ્રસ્ટ'** આયોજિત **'લવ યુ જિંદગી'** સાંસ્કૃતિક કાર્યક્રમ યશવંતરાય નાટયગૃહમાં યોજાયેલ. જેમાં આપણી શાળાના ૩૯ બાળકોએ જુદી જુદી સાંસ્કૃતિક કૃતિઓ, કૃષ્ણલીલા, રાજસ્થાની નૃત્ય અને યોગા પ્રસ્તુત કરેલ. આ કાર્યક્રમમાં સંસ્થાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાએ મુખ્ય મહેમાન તરીકે હાજર રહી બાળકોને તથા શિક્ષકોને પ્રોત્સાહન પૂરું પાડેલ.

## દિવાળીની ઉજવણી



દિવાળીનો તહેવાર દરેક માટે ખૂબ મોટો તહેવાર સૌ કોઈ ઉજવે પરંતુ અમારા શ્રવણમંદ બાળકોએ આ વર્ષે આ

તહેવારને વિશિષ્ટ રીતે માણ્યો. જેને સાકાર કર્યો દાતાશ્રી શ્રીમતી હંસાબહેન અને શ્રી દિનેશભાઈ ફતનાનીએ. આ દાતાશ્રીઓના સહયોગથી શાળાના નર્સરીથી ધો. ૧૨ના તમામ બાળકો તા. ૨૨/૧૦ **ઈસ્કોન કલબ** ખાતે મુવી, મસ્તી અને મનોરંજન માટે ગયા હતાં. જયાં દરેક બાળકે એક અનોખા અંદાઝમાં આનંદ માણેલ. દાતાશ્રી તરફથી અલ્પાહાર અને ભોજનની ખૂબ સુંદર વ્યવસ્થા હતી. જવા-આવવા માટે વાહનની વ્યવસ્થા પણ દાતાશ્રી તરફથી હતી. સંસ્થા પરિવારે આ દાતાદંપતિનો ખૂબ-ખૂબ આભાર માન્યો હતો.

## પ્રતીક મિઠાઈ વિતરણ

શાળામાં અભ્યાસ કરતા નર્સરીથી ધો. ૧૨ ના તમામ બાળકોને તા. ૨૩/૧૦ ના રોજ દિવાળીની શુભેચ્છાના પ્રતીકરૂપ મીઠાઈનું વિતરણ, દાતાશ્રી વિનુભાઈ વડેરા તરફથી કરવામાં આવેલ. સંસ્થાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાએ બાળકોએ બનાવેલી ક્રાફટની વસ્તુ શ્રી વિનુભાઈને ભેટ આપીને આભાર વ્યકત કરેલ. ઉપરાંત બંસલ ગૃપ તરફથી આ વર્ષે પણ **સોન પાપડી** મીઠાઈ દરેક બાળકોને આપવામાં આવેલ. બાળકો તથા વાલીઓએ સહર્ષ રીતે મીઠાઈનો સ્વિકાર કરી, કૃતજ્ઞતા વ્યકત કરેલ.

## ખેલ મહાકુંભ



તા. ૨૨/૧૦ ના રોજ શારીરિક દિવ્યાંગોનો ખેલ મહાકુંભ યોજાયેલ. જેમાં શ્રી ખી.લ. બહેરાં મૂંગા શાળાના ઉદ્યોગ શિક્ષકા શ્રી પદ્માબહેન એન. ભલગામિયાએ સમગ્ર ભાવનગર જિલ્લામાં ચક્રફેંકમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે. તેઓ ગોળાફેંકમાં પણ દ્વિતિય નંબરે વિજેતા બનેલ છે. તેઓ હવે રાજયકક્ષાએ રમવા જશે. સંસ્થા પરિવાર શ્રી પદ્માબહેનને અભિનંદન તથા શુભેચ્છા પાઠવે છે.

## નવરાત્રિની ઉજવણી

આ વર્ષે સંસ્થા દ્વારા નવરાત્રિ રાસોત્સવનું આયોજન કરવામાં આવેલ. તેમાં શ્રેષ્ઠ વ્યવસ્થાપન કરવામાં શાળામાં અભ્યાસ કરતી ધો. ૧૨ની બે વિદ્યાર્થીનીઓ ૧. જાનવિકા કવાડ અને ૨. હિરલ ગુજરિયાએ સુંદર રીતે સ્વૈચ્છિક સહકાર આપેલ. આ બંને વિદ્યાર્થીનીઓને સંસ્થાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાએ પ્રોત્સાહિત ઈનામ આપી બિરદાવેલ.

## સતિ બાલ શિબિર



તા. ૨૩/૧૧ ના રોજ શ્રી મહાવીર ઓડિટોરીયમમાં શ્રવણમંદ બાળકો માટે ભાવનગરના સેન્ટર દ્વારા **આનાપાન સતિ બાલ શિબિર**નું આયોજન કરવામાં આવેલ. શાળાના નર્સરીથી ધો. ૧૨ ના વિદ્યાર્થીઓ તથા શાળા પરિવારના તમામ સભ્યોએ આ શિબિરમાં ભાગ લીધેલ. પુના ડેફ સ્કૂલમાં ૨૬ વર્ષથી ફરજ બજાવતા શિક્ષક શ્રી સંગીતાબહેને ટી. સી. મેથડ દ્વારા બાળકોને વિપશ્યનાથી થતાં ફાયદા વિશે સમજ આપેલ. શ્રી સંગીતાબેનનું મોમેન્ટો દ્વારા સ્વાગત મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયાએ કરેલ. શિક્ષકો તથા અન્ય સ્ટાફ માટે પણ એક સ્પેશિયલ સેશન રાખવામાં આવેલ.

## નેશનલ રમતોત્સવમાં પસંદગી



શાળાના કુલ નવ વિદ્યાર્થીઓ કેરળ ખાતે યોજાનાર નેશનલ રમતોત્સવમાં પસંદગી પામ્યા છે. જેમાં પાંચ વિદ્યાર્થીઓ ધ્રુવ ધંધુકિયા, કુલદીપ સિસોદીયા, મીરા ડાંગર, આશિષ પરમાર, કરન કળોતરા વોલીબોલ માટે પસંદગી પામ્યા છે. હિરલ બારૈયા, સાહિલ શેખ, માનસી ઘાસકટ્ટા, દિલીપ જાદવ દોડમાં પસંદ થયેલ છે, આગામી તા. ૨૭/૧૨ થી ૩૦/૧૨ દરમિયાન આ તમામ વિદ્યાર્થીઓ રમત શિક્ષક શ્રી સંદિપભાઈ ગોસ્વામી અને શિક્ષક શ્રી ચંદ્રિકાબેન પરમાર સાથે કેરળ મુકામે ભાગ લેવા જશે. તમામ વિદ્યાર્થીઓને સંસ્થા પરિવાર શુભેચ્છા પાઠવે છે.



# સંક્ષિપ્ત સમાચાર

સ્નેહાબેન જોષી



## કે. એલ. છાત્રાલય તથા ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલય

### દિપાવલી ઉત્સવ વિતરણ



સંસ્થા દ્વારા સંચાલિત વર્ષ ૨૦૧૯ માં **શ્રીમતી વિમળાલક્ષ્મી રમણલાલ સંઘવી સ્ટાફ વેલ્ફેર કોર્પસ ફંડ** ના લાભાર્થીઓ, જેની આર્થિક સ્થિતિ ખૂબ નબળી છે, તેવા બહેરાં મૂંગા સંસ્થાના જરૂરિયાતમંદ, પોતાના પુરા કુટુંબ સાથે દિપાવલી જેવો મોટો તહેવાર મનાવી શકે તે માટે, સંસ્થાના વેલ્ફેર ઓફિસર શ્રીમતી બિન્દીબેન ત્રિવેદીના પ્રયત્નથી કુલ ૪૪ લાભાર્થીઓને તા. ૨૪/૧૦ ના રોજ **દિપાવલી ઉત્સવ વિતરણ** કરેલ. જેને શ્રી નીતિનભાઈ એ. ઝવેરી-મુંબઈએ સ્પોન્સર કરેલ છે. દરેક લાભાર્થીને રવો, મેંદો, ચોખાફળી, મઠિયા, ફાફડા, મીઠાઈ, ફરસાણ તથા દરેકને ૧ જોડી નવા કપડાં, દિવાળી સ્પેશ્યલ કીટ જેવી કે, કુમકુમ પગલા, સાથિયા, તોરણ, દીવડા, રંગોળી વગેરે આપેલ છે. આ દિપાવલી ઉત્સવ વિતરણમાં પણ શુભઆર્યા સ્ટીલના ઓનર શ્રી રાજેશભાઈ પ્રીતિકર આર્યા, શ્રી ઈનરવ્હીલ કલબ ઓફ





ભાવનગર તથા સંતશ્રી સેવારામ મંદિરનો પણ સહયોગ સાંપડેલ છે, ફંકશનમાં દાતાશ્રીઓ ઉપરાંત મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી જીતુભાઈ શાહ, શ્રી અનંતભાઈ એ. શાહ, શ્રી મહાસુખભાઈ જકડિયા, શ્રી મીતાબેન ઓઝા અને ટ્રસ્ટીગણ ઉપસ્થિત રહેલ.

### રાસ રમવા આમંત્રણ

તા. ૧૯/૧૦ ના રોજ શ્રી અગ્રવાલ સમાજ-ભાવનગર તરફથી આપણી સંસ્થાના બાળકોને રાસ રમવા આમંત્રણ આપેલ અને કુલ ૨૮૦ બહેરાં મૂંગા બાળકોને તેને મનપસંદ સ્વાદિષ્ટ ભોજન કરાવી દરેકને ભેટ આપેલ. છેલ્લાં ૧૦ વર્ષથી આપણી સંસ્થાના બાળકોને માટે રાસ-ગરબાનો પ્રોગ્રામ ગોઠવાય છે. જેમાં સંયોજક તરીકે શ્રીમતી અંબિકાબેન ટેકરીવાલ અને શ્રીમતી દિપીકાબેન બંસલ રસપૂર્વક આયોજન કરે છે, તે માટે સંસ્થા અગ્રવાલ સમાજ અને શ્રીમતી અંબિકાબેન ટેકરીવાલ અને શ્રીમતી દિપીકાબેન બંસલનો હૃદયપૂર્વક આભાર માને છે. સંસ્થાના વેલ્ફેર ઓફિસર શ્રીમતી બિન્દીબેન ત્રિવેદીના પ્રયત્નથી આ આયોજન ગોઠવાયેલ છે.

### સોલાર રૂફ ટોપ પાવર પ્રોજેક્ટ

શ્રી ખી.લ. બહેરાં મૂંગા શાળાને **સોલાર રૂફ ટોપ પાવર પ્રોજેક્ટ** માટે, યુ.એસ.એ. સ્થિત અજમેરા ફેમિલી તરફથી રૂા. ૧૨ લાખનું માતબર દાન પ્રાપ્ત થયેલ છે. જેમાં કુલ ત્રણ યુનિટ નાખવાના છે. જેમાં શ્રીમતી ભારતીબેન હરેશભાઈ અજમેરા (યુ.એસ.એ.) તરફથી રૂા. ૪ લાખ, શ્રી પૂર્વીબેન તથા શ્રી બિજલબેન અને શ્રી વિરલ હરેશભાઈ અજમેરા (યુ.એસ.એ.) તરફથી રૂા. ૪ લાખ, તથા પરમપૂજય સંયમરસા મહાસતીજી (સવિતાબેન નાનાલાલ ખંડેરિયા-મોરબી) ના સ્મરણાર્થે રૂા. ૪ લાખ હસ્તે મુમુક્ષો તરફથી મળેલ છે. આ દાન માટે સંસ્થાના વેલ્ફેર ઓફિસર શ્રીમતી બિન્દીબેન ત્રિવેદીએ જહેમત લીધેલ હતી.



# સંક્ષિપ્ત સમાચાર

✍ સંતોષ યાદવ



## ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ (એચ.આઇ.)

### ટીચર્સ ડે અને વેલકમ પાર્ટી

ટીચર્સ ટ્રેનિંગ કોલેજમાં ૫ સપ્ટેમ્બર ના રોજ ટીચર્સ ડે તેમજ બી.એડ. અને ડી. એડ. પ્રથમ વર્ષના **વેલકમ પાર્ટી** ની ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. તેમજ તાલીમાર્થીઓ દ્વારા ગુરુ પુજન અને સરસ્વતી પૂજન કરવામાં આવ્યુ. કોલેજની તાલીમાર્થી બહેનોએ ભાંગડા નૃત્ય કર્યુ. ટીચર્સ બનેલા તાલીમાર્થીઓએ પોતાના અનુભવો જણાવ્યાં અને તેઓને પ્રોત્સાહન માટે ઈનામ અને સર્ટિફીકેટ આપવામાં આવ્યાં. વેલકમ પાર્ટીમાં નવા તાલીમાર્થીઓએ કેટવોક કર્યું. તેમજ તેઓના પરફોમન્સના આધારે તેઓમાંથી **મિસ ફ્રેશર** અને **મિસ્ટર ફ્રેશર**ને પસંદ કરવામાં આવ્યાં, તેમજ તેઓને પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવ્યાં.

### ફેરવેલ

તા. ૨૮/૯ ના રોજ કોલેજના લેકચરર શ્રી મંજુબેનને આગળ અભ્યાસ માટે જવાનું હોય, કોલેજ દ્વારા તેમનો વિદાય સમારંભ યોજવામાં આવેલ. જેમાં સંસ્થાના મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા અને ટીટીસીના ચેરમેન શ્રી ડી.જે. ધંધુકિયા ઉપસ્થિત રહેલ અને મંજુબેનને શુભેચ્છા અને આશીર્વચન આપ્યાં. શાળાના આચાર્ય શ્રી ઈલાબેને તેમજ કોલેજના ફેકલ્ટી અને તાલીમાર્થીઓએ પોતાની લાગણીઓને શબ્દોમાં અભિવ્યકત કરી. મંજુબેને પણ પોતાના અનુભવો અને લાગણી શેર કર્યા. તેમજ જે અભ્યાસ અર્થે જઈ રહયાં છે, તેમના વિષે માહિતી આપી.

### નવરાત્રિ

શાળા પરિવાર સાથે કોલેજના તાલીમાર્થીઓએ પણ નવરાત્રિની મજા કરી. સી.એમ.પી. હોસ્ટેલમાં નવરાત્રિના ત્રણ દિવસ ગરબે રમ્યા અને ઈનામો મેળવ્યા.



### પરીક્ષા

તા. ૦૭/૧૦ થી ૧૪/૧૦ B.Ed. spl. Ed. first semester અને B.Ed. spl. Ed. Third semester ની internal પરીક્ષા લેવામાં આવી. તા. ૧૫/૧૦ થી ૧૯/૧૦ સુધી દ્વારા પરીક્ષા લેવામાં આવી. તા. ૨૩/૧૦ ના રોજ first semester અને ૨૨, ૨૩ ના રોજ third semester ના viva લેવામાં આવ્યા.

### રંગોળી સ્પર્ધા



તા. ૨૨/૧૦ ના રોજ TTC માં તાલીમાર્થીઓએ પોતાના વર્ગમાં રંગોળી બનાવી. જેને જોવા પ્રોત્સાહિત કરવા માટે સંસ્થાના મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા અને ખજાનચી જીતુભાઈ શાહ આવ્યાં હતાં. તેમજ શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓએ પણ રંગોળી નિહાળી હતી.

### પરીક્ષા

તા. ૧૮/૧૧ થી ૨૩/૧૧ સુધી ડી.એસ.સ્પે. એજયુ. એચ.આઈ. ૨૦૧૮-૨૦ની બેચના તાલીમાર્થીઓની પરીક્ષા AYJNISH દ્વારા લેવામાં આવી. જેમાં ૨૬ તાલીમાર્થીઓએ પરીક્ષા આપી.





# સંક્ષિપ્ત સમાચાર

✍ નેહલ ગઢવી



## 'અંકુર' મંદબુદ્ધિવાળાં બાળકોની વિશિષ્ટ શાળા

### શિક્ષકદિનની ઉજવણી

દર વર્ષની માફક આ વર્ષે શાળામાં **શિક્ષકદિન**ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવેલ. મંદબુધ્ધિ બાળકોને પણ સામાન્ય બાળકો જેવા જ અહેસાસ કરાવવા તથા સામાન્ય પ્રવાહમાં સમાવેશ કરવાના ઉમદા આશયથી મંદબુધ્ધિ બાળકો, કે જેઓ ધો. ૪ અને ધો. ૫ માં તાલીમ મેળવે છે, તેઓએ તેમના જ વર્ગમાં બાળકોને ગણિત, ગુજરાતી, મારી આસ-પાસ, જેવા વિષયો ભણાવેલ. તેમજ ઉપરોકત વિષયો પણ સ્માર્ટબોર્ડ તથા ટેબલેટના માધ્યમથી સુંદર રીતે સમજાવેલ. આમ, શાળામાં મંદબુધ્ધિ બાળકો દ્વારા ઉત્સાહભેર શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવેલ.

### પેરેન્ટસ ટ્રેઈનિંગ (ચાલો આપણા બાળકોને ઓળખીએ)



શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦માં નવા પ્રવેશ પામેલ બાળકોના વાલીઓ માટે દર વર્ષની માફક આ વર્ષે પણ **'ચાલો આપણા બાળકોને ઓળખીએ'** અંતર્ગત એક પેરેન્ટસ ટ્રેઈનિંગનું આયોજન કરવામાં આવેલ, જેમાં કુલ ૩૪ વાલીઓ હાજર રહેલ. મંદબુધ્ધિ બાળકોની તાલીમઅને શિક્ષણમાં માતા-પિતાની ભૂમિકા ખુબ જ અગત્યની હોય છે તે હેતુને ધ્યાનમાં રાખી આ ટ્રેઈનિંગનું આયોજન કરવામાં આવેલ. સામાન્ય દ્રષ્ટિએ 'એક માતા સો શિક્ષકની ગરજ સારે છે.' જયારે આપણા આ વિશિષ્ટ ક્ષેત્રમાં માતાને આ કહેવત સાર્થક કરવા આ બાળકોને, પહેલાં ઓળખવા જરૂરી છે. એટલે કે વિશિષ્ટ બાળક, દરેક દ્રષ્ટિએ વિશિષ્ટતા ધરાવે છે. આ પેરેન્ટસ ટ્રેઈનિંગની શરૂઆત વાલીઓ દ્વારા દિપ પ્રાગટયથી કરવામાં આવેલ. માનદ્ મંત્રી શ્રી ડી. જે. ધંધુકિયા દ્વારા પ્રાસંગિક ઉદ્બોધન કરવામાં આવેલ. તેમજ શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીએ શાળા અંગેની માહિતી, તેમજ મંદબુધ્ધિ બાળકના વિકાસમાં સહ પ્રવૃત્તિનું મહત્વ વિષે વાત કરેલ. ત્યારબાદ શિક્ષકશ્રી રિધ્ધિબેને મંદબુધ્ધિ એટલે શું ? તેના કારણો, તેને અટકાવવાના ઉપાયો વિશે રસપ્રદ શૈલીમાં માહિતી પુરી પાડેલ. શિક્ષકશ્રી જયપાલસિંહ એક કરતા વધુ વિકલાંગતા અને બાળકના વિકાસમાં વિવિધ શૈક્ષણિક એરિયા અને તેની તાલીમનું મહત્વ સમજાવેલ. તેમજ મંદબુધ્ધિ બાળકના વિકાસમાં વાલીનું મહત્વ અને I.Q. એટલે શું ? તે મુજબ મંદબુધ્ધિના પ્રકારો અને અપેક્ષિત ક્ષમતા અંગે શિક્ષકશ્રી પારૂલબેને અગત્યની માહિતી પૂરી પાડેલ. મંદબુધ્ધિ બાળકના વિકાસમાં રોજિંદા જીવનની પ્રવૃત્તિના મહત્વ અંગે શિક્ષકશ્રી રેશ્માબેને વાત કરેલ. શિક્ષકશ્રી નેહલબેને બાળકના વિકાસમાં સામાજિકરણ અને ઘરેલું પ્રવૃત્તિઓની અગત્યતા સમજાવેલ. વર્તન સમસ્યા અને તેના ઉપાયો અંગેની અગત્યતા શિક્ષકશ્રી હરદીપભાઈએ સમજાવેલ. મંદબુધ્ધિ બાળકોમાં વ્યવસાયિક તાલીમ અંગે શ્રી હીનાબેને વાત કરેલ. ત્યારબાદ ફિઝીયોથેરાપી અંગે ડૉ. શ્રી રાધિકાબેને, સ્પિચ થેરાપી અંગે શ્રી ક્રિષ્નાબેને, ઓકયુપેશનલ થેરાપી અંગે શ્રી નમ્રતાબેને, મ્યુઝિક થેરાપી અંગે ડૉ. શ્રી ભાવનાબેને માહિતી આપેલ. મંદબુધ્ધિ બાળકોને મળતા વિવિધ સરકારી લાભો અંગે શ્રી પારસભાઈએ ઝીણવટ પૂર્વક રસપ્રદ માહિતી આપેલ. પેરેન્ટસ ટ્રેઈનિંગનું આયોજન શિક્ષકશ્રી પારૂલબેન પાઠકે કરેલ. આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ આ પેરેન્ટસ ટ્રેઈનિંગ સુંદર રીતે સંપન્ન થયેલ.

### ગાંધી જયંતિની ઉજવણી



આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની આ વર્ષે ૧૫૦મી ગાંધી જયંતિની, વિવિધ કાર્યક્રમો દ્વારા વિશિષ્ટ રીતે ઉજવણી કરવામાં આવેલ. જેમાં બાળકોને ગાંધીજીના ચિત્રમાં **રંગ પૂરણી સ્પર્ધા** તથા **વિવિધ રમતો** રમાડવામાં

આવેલ. સાથો-સાથ શાળામાં તાલીમ મેળવતા ધો. ૪, ૫ તથા વોકેશનલના બાળકોને, સરદારનગર સર્કલ સ્થિત **ગાંધીજીના જીવન ચરિત્રનું પ્રદર્શન** બતાવી, ગાંધીજીના જન્મથી મૃત્યુ સુધીની યાત્રા અંગેની સમજણ આપવામાં આવેલ.

## નવરાત્રિ પર્વની ઉજવણી

શાળાની એક પરંપરા રહી છે કે વિવિધ ઉત્સવની ઉજવણી કરવી. તેનો હેતુ ફકત મનોરંજનનો નથી, પરંતુ તેનાથી હાંસિયામાં જીવતા આ બાળકોનું પારિવારિક, સામાજિક, શૈક્ષણિક, આર્થિક તેમજ વ્યવસાયિક તમામ જોડે સ્વીકાર અને સમાયોજન થાય તે છે. આવા ઉમદા આશયથી તા. ૦૫/૧૦/૨૦૧૯ ના રોજ દિપક હોલ ગ્રાઉન્ડ ખાતે, મોઢ વણિક જ્ઞાતિ યુવક મંડળના સહયોગથી નવરાત્રિ પર્વની આસ્થાભેર ઉજવણી કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆતમાં શાળાના માનદ્ ટ્રેઝરર શ્રી દેવલભાઈ જે. શાહે સ્વાગત પ્રવચન આપેલ. તથા આવેલ મહેમાનોનું સ્મૃતિભેટ દ્વારા સ્વાગત કરેલ. ત્યારબાદ મહેમાનશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ, સ્ટાફ તથા વાલીઓ દ્વારા આરતી કરી ગરબા રમવામાં આવેલ. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે શ્રી અશોકકુમાર યાદવ (DIG સાહેબ ભાવનગર), શ્રી સંજયભાઈ સોનાણી (અગ્રણી બિલ્ડર્સ, ઉદ્યોગપતિ અને ઉદાર દિલ (દાતા), શ્રી સુનિલભાઈ વડોદરીયા (પ્રમુખ, સૌરાષ્ટ્ર ચેમ્બર્સ ઓફ કોમર્સ, ભાવનગર), શ્રી જતિનભાઈ મણિયાર (પ્રમુખ મોઢ વણિક યુવક મંડળ) ઉપસ્થિત રહેલ. તેમજ શાળાના ઉપપ્રમુખ શ્રી વિનુભાઈ હાકાણી, પૂર્વ માનદ્ મંત્રીશ્રી અનંતભાઈ શાહ (મફતભાઈ), માનદ્ મંત્રીશ્રી અલ્પેશભાઈ શેઠ, માનદ્ ટ્રેઝરર શ્રી દેવલભાઈ શાહ હાજર રહેલ. અંતમાં દરેક બાળકોને મોઢ વણિક જ્ઞાતિ યુવક મંડળ તરફથી ગીફ્ટ તથા નાસ્તો આપવામાં આવેલ. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માનદ્ ટ્રેઝરર શ્રી દેવલભાઈ શાહ તથા સ્ટાફ મિત્રોએ સરાહનિય કામગીરી કરેલ. અભિનંદન ટીમ અંકુર..

## ICT Training વિષય ઉપર C.R.E. Programme



તા. ૧૧ થી ૧૩ ઓકટોબર ૨૦૧૯ દરમ્યાન શાળામાં ICT (ઈન્ફર્મેશન કોમ્યુનિકેશન ટેકનોલોજી) વિષય ઉપર ત્રણ દિવસીય C.R.E. (કંટીન્યુઈંગ રીહેબિલિટેશન એજયુકેશન) પ્રોગ્રામનું આયોજન કરવામાં સ્થાનિક તેમજ અમદાવાદ, સુરેન્દ્રનગર, અમરેલી, પાલનપુર, બોટાદ વિગેરે જિલ્લાઓમાંથી વિકલાંગ ક્ષેત્રે કાર્યરત ૩૦ વિશિષ્ટ શિક્ષકો હાજર રહેલ. જેઓને ICT ના નિષ્ણાંત રીટા. પ્રોફેસર શ્રી નવનીતભાઈ રાઠોડ તથા તેમના ટીમના તજજ્ઞો દ્વારા ઓનલાઈન, તેમજ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી અતિ ઉપયોગી માહિતી આપવામાં આવેલ. આ C.R.E. Programme ના ઉદ્ઘાટન પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ડૉ.શ્રી હેમંતકુમાર મહેતા (ડીન-મેડિકલ કોલેજ, ભાવનગર) તથા સમાપન પ્રસંગે અતિથિવિશેષ તરીકે પ્રોફેસર ડૉ. શ્રી દિલીપભાઈ બારડ (H.O.D. અંગ્રેજી ભવન, ભાવનગર યુનિ. ભાવનગર) ઉપસ્થિત રહેલ.

## દિવાળી પર્વની ઉજવણી (ફટાકડા વિતરણ)

દર વર્ષની માફક આ વર્ષે પણ શાળામાં તાલીમ મેળવતા દરેક બાળકોને ભાવનગરના ખ્યાતનામસ્વ. જીતુભાઈ ફટાકડાવાળા (શ્રી નિમેષભાઈ દેસાઈ) તથા પરાગભાઈ મણિયાર તરફથી ફટાકડાનું વિતરણ કરવામાં આવેલ તથા દિવાળી માટેની શુભેચ્છા પાઠવવામાં આવેલ.

## અર્ધ વાર્ષિક વાલી મીટિંગ તથા કાનુની શિબિર




તા. ૨૨-૧૦ ના રોજ શાળામાં અર્ધવાર્ષિક વાલી મીટિંગ તથા કાનુની શિબિરનું આયોજન કરવામાં આવેલ. જેમાં વાલીઓને વર્ગ મુજબ બાળકોનો પ્રથમ સત્રનો પ્રગત્તિ અહેવાલ (પેપર) બતાવવામાં આવેલ. તેમજ જરૂરી સૂચનો તથા વેકેશનમાં બાળકોને ઘરે તાલીમ આપવા અંગેનું માર્ગદર્શન આપેલ. સાથો-સાથ કાનુની શિક્ષણ શિબિર અંતર્ગત એડવોકેટ શ્રી પ્રિતીબેન મહેતા તથા એડવોકેટ શ્રી શ્રધ્ધાબેન પરાંજપે (ડિસ્ટ્રિકટ સર્વિસ ઓથોરીટી, ભાવનગર) દ્વારા વાલીઓને કાનુની માર્ગદર્શન આપવામાં આવેલ તથા વાલીઓને મુંઝવતા પ્રશ્નો અંગે સચોટ માહિતી આપવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી ભાવનાબેન અંધારિયાએ કરેલ તથા સમગ્ર કાર્યક્રમનું સંકલન શ્રી પારૂલબેન પાઠક દ્વારા કરવામાં આવેલ.

PNR
HOPE 4 ALL

## P. N. R. SOCIETY

### 80-G

| | |
|---|---|
| Shri Prakashbhai N.Desai - Mumbai | 50000 |
| Shri Anantrai A.Shah - Bhavnagar | 1320 |
| Shri Surajba Charitable Trust - Mumbai | 100000 |
| Shri Shrenik R.Shah - Mumabi | 50000 |
| Shri Sangeeta J.Sanghavi - Mumabi | 5000 |
| Shri Kalavad Taluka Leuva Patel Seva Samaj - Kalavad | 20000 |
| Shri Kalavad Taluka Leuva Patel Seva Samaj - Kalavad | 20000 |
| Shri Usha Chandravadan Shah - Mumabi | 50000 |
| Shri Upendrabhai j. Trivedi - mumbai | 10000 |
| Estate Of Late Anupamaben Ahemadali Kapasi - Bhavnagar | 300000 |
| Shri Navdeep Chemicals Pvt.Ltd - Mumbai | 100000 |
| M/S. B.K.Parekh Parkinson's Disease & Movment Disorder Society - Mahuva | 71000 |
| Shri Mahendra Jasvantlal Parekh Charitable Trust - Mumbai | 100000 |
| Shri Champaklal Nagindas & Chandrabhaga C.Mehta Foundat - Mumbai | 100000 |
| M/S. Agrocel Industries Pvt.Ltd - Bhuj-Kuchchh | 100000 |
| Dr. R. B. Thorat - Bhavnagar | 40000 |
| Shri Dasha Shrimali Vanik Society - Mumbai | 100000 |
| Shri Bharatbhai Shamjibhai Parekh - Mumbai | 25000 |
| Shri Rasiklal N. Hemani - delhi | 100000 |
| Shri Mahmadhusen Yusufali Vasaya - Bhavnagar | 18000 |
| Shri Kalpanaben k. Mody - Bhavnagar | 2500 |
| Shri Ulva Atulbhai Kalubhai - Bhavnagar | 1000 |
| M/S. Nikeon Corporation - Mumbai | 33000 |
| M/S. New mahalaxmi silk mills pvt. Ltd. - mumbai | 100000 |
| Shri Sunil Jethalal Shah (Huf) - Mumbai | 11000 |
| Shri Ranbir Rishi Kapoor - Mumbai | 300000 |
| M/S. Pidilite Industries Limited - Mumbai | 100000 |
| Shri Arunaben Bankimbhai Parekh-Bhavnagar | 100000 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| | |
|---|---|
| Shri Santoshbhai G. Kamdar - Bhavnagar | 72562 |
| Shri Manav Seva Foundation - Bhavnagar | 11000 |
| Shri Rajenbhai Sanghvi - Bhavnagar | 1100 |
| Late Vivekbhai Ajaybhai Doshi - Bhavnagar | 11050 |
| Late Vivekbhai Ajaybhai Doshi - Bhavnagar | 5000 |
| Shri Narendrabhai Shantibhai Mathuri - Bhav. | 7000 |
| Shri Bhaveshbhai Parmar - Bhavnagar | 1500 |
| Shri Pradeepbhai J Gandhi - Bhavnagar | 2000 |
| Shri Khyatiben Jayeshkumar - Bhavnagar | 1500 |
| Shri Jayeshbhai L Doshi - Mumbai | 9000 |
| Shri Harshaben I Shah - Mumbai | 9000 |
| Shri Mayankbhai M Shah - Bhavnagar | 5000 |
| Shri Jinalben B Shah - Bhavnagar | 9000 |
| Shri Harshadbhai R Patel - Bhavnagar | 9000 |
| Shri Ungli Group - Bhavnagar | 5000 |
| Shri E K Sadgrahstha - Bhavnagar | 12000 |
| Shri Sonal Pranav Mehta - Mumbai | 15000 |
| Shri Rajubhai Kanabhai Kantaria - Bhavnagar | 9000 |
| Shri Mansukhbhai Dudhbhai Dhapa - Bhavnagar | 9000 |
| Shri Salimbhai Rasulbhai Daraiya - Bhavnagar | 9000 |
| Shri Altafbhai Rasulbhai Daraiya - Bhavnagar | 9000 |
| Shri Sahilbhai Salimbhai Daraiya - Bhavnagar | 9000 |
| Shri Arif Rasulbhai Deraiya - Bhavnagar | 5000 |
| Shri Nitinbhai Arvindbhai Jhaveri - Mumbai | 15000 |
| Shri Nitinbhai Arvindbhai Jhaveri - Mumbai | 10000 |
| Shri Dharmil Ashokkumar Desai - Bhavnagar | 15000 |
| Shri Darvin Jayantilal Govani - Rajkot | 16000 |
| Shri Apurvabhai Girishbhai Sheth - Bhavnagar | 10000 |
| Shri Prakash R. Muni - Mumbai | 12500 |
| Shri Maharaja Agrasen Knee-Care - Jaipur | 20000 |
| Shri Chandrikaben Kamdar - Bhavnagar | 5000 |
| Shri Shailesh Kiranbhai Dave - Bhavnagar | 40000 |
| Shri Omsai Bhakt Dr.Vaibhav Parekh-Mehsana | 11000 |
| Shri Omsai Bhakt Vinayak Parekh - Mehsana | 10000 |
| Shri Omsai Bhakt Yuvraj - Mehsana | 15000 |
| Shri Omsai Bhakt Sai Shree - Mehsana | 15000 |
| Shri Omsai Bhakt Sai Neel - Mehsana | 15000 |
| Shri Omsai Bhakt Sai Ankur - Mehsana | 15000 |
| Shri Omsai Bhakt Sai Neelesh - Mehsana | 15000 |
| Shri Omsai Bhakt Sai Fiaan - Mehsana | 15000 |
| Shri Omsai Bhakt Sai Pawan - Mehsana | 15000 |
| Shri Omsai Bhakt Sai Abhi - Mehsana | 15000 |
| Shri Omsai Bhakt Sai Parshva - Mehsana | 15000 |
| Shri Omsai Bhakt Sai Pankaj - Mehsana | 15000 |
| Shri Omsai Bhakt Sai Saniya - Mehsana | 15000 |
| Shri Omsai Bhakt Sai Manguben - Mehsana | 6000 |
| Shri Omsai Bhakt Sai Babitaben - Mehsana | 15000 |
| Shri Omsai Bhakt Sai Brijesh - Mehsana | 12000 |
| Shri Kamleshbhai R. Sheth (Sheth Brothers) - Bhavnagar | 2500 |
| Shri Kamleshbhai R. Sheth (Sheth Brothers) - Bhavnagar | 2500 |
| Shri Jayantbhai V. Karia - Bhavnagar | 15000 |
| Shri Jayantbhai V. Karia - Bhavnagar | 15000 |
| Shri Girishbhai C. Shah - Bhavnagar | 6300 |
| Shri Pramodbhai Bhatt - Bhavnagar | 7120 |
| Shri Kiritkumar Amrutlal - Bhavnagar | 9000 |
| Shri Dipakbhai Niranjanbhai - Bhavnagar | 7500 |
| Shri Jitendra Amrutlal - Bhavnagar | 5000 |
| Shri Kiritkumar Harjivandas - Bhavnagar | 8000 |
| Shri Madhukantaben Jasvantray - Mumbai | 9000 |
| Shri Vijaybhai Shantilal - Mumbai | 7500 |
| Shri Pareshbhai Bhupatray - Mumbai | 7500 |
| Estate Of Late Anupamaben Ahemadali Kapasi - Bhavnagar | 800000 |
| Shri Upendrabhai J. Trivedi - Mumbai | 10000 |
| Shri N. K. Mehta - Bhavnagar | 7500 |

| | |
|---|---|
| Shri R. J. Trivedi - Bhavnagar | 9000 |
| Shri Shushilaben Rameshbhai - Bhavnagar | 5000 |
| Shri Nagindas K. Soni - Bhavnagar | 7500 |
| Shri Upendrabhai J. Shah - Bhavnagar | 6000 |
| Shri Chiragbhai Patel - Bhavnagar | 5000 |
| Shri Narendrbhai Sobhagyachand DoshiVadodara | 2000 |
| Shri Innerwheel Club Of Bhavnagar - Bhavnagar | 7500 |
| Shri Kamleshbhai R. Sheth (Sheth Brothers) - Bhavnagar | 2500 |
| Shri Kamleshbhai R. Sheth (Sheth Brothers) - Bhavnagar | 2500 |
| Shri Rotary Club Of Puna University Charitabe Trust - Pune | 20000 |
| Shri Jinal Bhavinbhai Shah - Bhavnagar | 50000 |
| Shri Heenaben Yashvantkumar Shah - Bhavnagar | 50000 |
| Shri Manharlal G. Shah - Mumbai | 10000 |
| Shri Ritaben Rathod - Bhavnagar | 5000 |
| Shri Arunaben Anilkant Shah - Bengaluru | 2500 |
| Late Harvijaysinh S. Gohil - Bhavnagar | 3000 |
| Shri Ramaben Kantilal Modi - Songadh | 5000 |
| Shri Prashant Kantilal Modi - Songadh | 5000 |
| Shri Mihir Prashantbhai Modi - Songadh | 5000 |
| Shri Ami Prashant Modi - Songadh | 5000 |
| Shri Shilpi Kantilal Modi - Songadh | 5000 |
| Shri Dhvani Kushal - Songadh | 5000 |
| Shri Devendra Dineshbhai Mehta - Chennai | 3500 |
| Shri Pallavika Mehta - Chennai | 3500 |
| Shri Heer Mehta - Chennai | 3000 |
| Shri Varsha Rajoo Shah - Mumbai | 5000 |
| Shri Rushabh H. Mehta - Mumbai | 15000 |
| Shri Vidhi K. Shah - Mumbai | 15000 |
| Shri Neel Darshita Maharaj Saheb - Bhavnagar | 13500 |
| Late Balkrishnabhai D. Raval - Gadhada | 15000 |
| Shri Krish Sanghvi - Bhavnagar | 3000 |
| Shri Smita Rasikbhai Doshi - Ahmedabad | 5000 |
| Shri D.K. Ajmera Foundation Trust - Mumbai | 18000 |
| Shri Manan Rameshbhai Shah - Bhavnagar | 9500 |
| Shri Urmilaben Himatlal Sanghvi - Mahuva | 3000 |

## ANKUR SPECIAL SCHOOL FOR M. R. CHILDREN

| | |
|---|---|
| Shri Galiyakotwala Engineering Company Pvt. Ltd. - Mumbai | 750000 |
| Shri K. R. Mehta Foundation & Charitable Trust - Mumbai | 200000 |
| Smt. Chandanben Bapalal Laherchand Shah Charitable Trust - Mumbai | 200000 |
| Shri Satish Kantilal Mehta - Mumbai | 100000 |
| Shri Hetalben Hemalbhai Chheda - Surendranagar | 100000 |
| Shri Madhaviben Hemalkumar Shah - Surendranagar | 100000 |
| Shri Jayeshbhai Mehta & Mansukhbhai Tibadiya - Mumbai | 51000 |
| Shri Bharatbhai K. Busa - Mumbai | 51000 |
| Shri Kedar Karnikant Desai - Vadodara | 51000 |
| M/S Parv Metal Processing Co. - Rajkot | 25000 |
| Shri Chandrikaben M. Vora - Mumbai | 21000 |
| Shri Narendrabhai R. Mehta HUF - Mumbai | 21000 |
| Shri Perfect House Pvt. Ltd. - Mumbai | 21000 |
| Shri Prakashbhai Sancheti - Bhavnagar | 21000 |
| Smt. Sunita Akshay Marfatiya - Mumbai | 18000 |
| Smt. Varshaben Rajubhai Shah - Mumbai | 18000 |
| M/S Horizon Pecs Pvt. Ltd. - Mumbai | 15000 |
| Shri Jethva Paras - Bhavnagar | 11111 |
| "Nice" The Primary School - Bhavnagar | 11000 |
| Shri Kishorbhai Nagindas Bhayani - Bhavnagar | 11000 |
| Shri Niruben Navinbhai Sanghavi - Mumbai | 11000 |
| Well Wisers - Bhavnagar | 11000 |
| Shri Sanjaybhai Sonani - Bhavnagar | 11000 |
| Shri Madhav D. Shah - Mumbai | 11000 |
| Smt. Bhanumati Vitthaldas Sanghavi Foundation - Mumbai | 11000 |
| Shri Vikrambhai Trivedi - Bhavnagar | 11000 |
| Shri Upendrabhai jashvatrai Trivedi - Mumbai | 10000 |
| Smt. Manharben Sheth - Bhavnagar | 7400 |
| Shri Chintanbhai Ashishbhai Gajjar - Bhavnagar | 7000 |
| Shri Nimeshbhai J. Desai - Bhavnagar | 7000 |
| Shri Rupalben Nimeshbhai Desai - Bhavnagar | 7000 |
| Shri Makwana Ghanshyambhai Nandlal - Nari (Bhavnagar) | 5100 |
| Shri Hirenbhai Parekh (Rotary Royal Club) - Bhavnagar | 5000 |
| Shri Kamleshbhai R. Sheth & Varshaben K. Sheth - Bhavnagar | 5000 |
| Shri Rajeshbhai Pandya - Vadodara | 5000 |
| Shri Dhimantbhai - Bhavnagar | 1100 |
| Shri Rajendrabhai Vora - Bhavnagar | 1100 |

### 'સપનાના વાવેતર' પુસ્તક માટે આવેલ

## અભિપ્રાય / શુભેચ્છા સંદેશ

પી.એન.આર. જેવી વિકલાંગ શાળાને વૃંદાવન બનાવી સમાજ સેવારૂપી વટવૃક્ષને અનેક શાળામાં ફેરવી નાખી સ્વપ્નોના મહેલને ભિતરમાં રાખેલ ચિત્રને હકીકતમાં સાકાર કરી દીધું, સંસ્થાને વિકાસની અગિમ હરોળમાં પહોંચતી કરી છે. પી.એન.આર. ને પારદર્શક હીરાની જેમ જ રાખેલ છે.

**- રેખાબહેન**

---

બાબાભાઈ, આપે ખરા અર્થમાં માત્ર સપનાનું વાવેતર નથી કર્યું, તમે તો તેને ઉગાડયાં પણ છે. તેના ફળ હજારો વિકલાંગો અને જરૂરિયાતમંદને મળ્યાં છે. તમે ઈશ્વરની ભૂમિના સાચા ખેડૂત પુરવાર થયા છો. તમને લોકો યાદ કરતા નહીં ધરાય. વંદન... અભિનંદન...

**- લાભુભાઈ સોનાણી, જનરલ સેક્રેટરી,**
**કે. કે. સ્કૂલ એન્ડ હોમ ફોર ધ બ્લાઈન્ડ ભાવનગર.**

(પેજ નંબર ૧૮ ઉપરથી ચાલુ)

વાતનો અણસાર આવી ગયો હતો. તેમણે મુંબઈ કમિટિનું સુકાન, નવી યુવા ટીમને સમયસર સોંપ્યુ. તો આજે નરેન્દ્રભાઈ, પ્રકાશભાઈ, ભરતભાઈ, કીર્તિભાઈ, હર્ષદભાઈ, હરેનભાઈ, જીતુભાઈ, હિતેનભાઈ, કૃષ્ણકાંતભાઈ અને વામનભાઈ વગેરે એક જૂથ થઈને મિશનને આગળ વધારવા સખત મહેનત કરી રહ્યાં છે. આને કહેવાય ટીમનો જાદુ. મને આ ટીમની નિષ્ઠા અને કાર્યકૂશળતામાં શ્રધ્ધા છે. આપણે સાથે મળીને તેને સપોટ કરીએ, તે જરૂરી છે.

આમ જોઈએ તો સંસારમાં કોઈ સ્થિતિ કાયમી નથી. સમય સમયનું કામ કરે જ જાય છે. આપણે ઈચ્છીએ કે નહીં, પરંતુ નેતૃત્વમાં પરિવર્તન અનિવાર્ય છે. વર્ષ ૨૦૧૦ પછી અમે અનંત ત્રિપૂટીએ, જવાબદારી ભર્યા હોદ્દા ઉપરથી ધીમે રહીને ખસી જવાનું નક્કી કર્યું હતું. સામાન્ય રીતે, લોકો સત્તાના ઉપભોગમાં સાથીદાર સાંખી શકતા નથી. આવા લોકો જયારે હયાત નહીં હોય, ત્યારે સંસ્થાનું શું થશે ? તેની પરવા કરતા નથી.

સંસ્થાઓમાં નેતૃત્વ પરિવર્તનના વિચાર સામે, કોઈએ અમને ભયસ્થાન બતાવ્યાં. કોઈએ કબજો જાળવી રાખવા સલાહ આપી. તો કોઈએ, નવા ઉત્તરાધિકારી, તમારા જેવું કામ નહીં કરી શકે, તેમ કહ્યું. એ વાત ખરી છે કે, દરેકની આવડત સરખી નથી હોતી. અને બધીજ ખાત્રી છતાં, પરિવર્તનમાં ૧૦૦% સફળતા મળે જ એવી કોઈ ખાત્રી નથી હોતી. પરિવર્તન દાપુ માગે છે, અને પીડા પણ આપે છે, તેની તૈયારી રાખવી પડે. અમારે તો સાચુકલા સપનાની સંસ્થાઓ નીરંતર ચાલતી રહે તે જોવું હતું. એટલે ભાવનગરની સંસ્થાઓમાં, દ્વિતિય હરોળની ટીમનો પ્રયોગ આદર્યો. મારે કહેવું જોઈએ કે આ અનુભવ એકંદર સારો રહ્યો છે.

બહેરાં મૂંગા શાળામાં ગિરીશભાઈની ટીમછે, તો અંધશાળામાં લાભુભાઈની ટીમ, 'અંકુર' માં અલ્પેશભાઈ અને પી.એન.આર. માં પારસ. આ બધી ટીમ સાથે શશીભાઈ તથા બીજા કેટલા બધા, કાર્યકર્તાઓ આજે કામ કરી રહયાં છે. આ ફેરબદલાવ પછી સંસ્થામાં ઓટ નથી આવી, ભરતી આવી છે, એ તેની સફળતા દર્શાવે છે. અને છેલ્લે, એક વાત કરી દઉ. આ સેવાનો માર્ગ સાવ સરળ નથી. આમાં ડગલેને પગલે મુશ્કેલીઓ પણ આવે છે. સામે પાણીએ તરવા જેવું આ કામ છે. મેં વાહ ! વાહ ! સાથે પીડા પણ ભોગવી છે. સમાજની આ વાસ્તવિકતા છે. એટલેજ સેવાના માર્ગને, હરિનો મારગ કહ્યો છે. પ્રભુનું આ કામ છે. એટલે તો ભક્ત કવિ નરસિંહ મહેતાએ કહ્યું છે, **'હરિનો મારગ છે શૂરાનો નહીં કાયરનું કામ જોને.'**

આપણે સૌ, આ સેવાના માર્ગે ચાલીએ. અને આપણી આ સંસ્થાઓ ઉત્તરોત્તર પ્રગતિ કરતી રહે, તે માટે, તન, મન અને ધનથી સહયોગ કરીએ, એવી તમને મારી અપીલ છે.

અસ્તુ. જય હિન્દ, જય ભારત.

## 'સપનાના વાવેતર' પુસ્તક માટે આવેલ
# અભિપ્રાય / શુભેચ્છા સંદેશ

We compliment Bababhai for putting down his memoirs in writing. It will inspire others to do so.

**- Vasantrai M. Gandhi & Shakuntala V. Gandhi, N.York, U.S.A.**

Bababhai is a perfect author for a title like this as it is his life story.

**- Jayant Shroff, Yuva Pragati, USA**

Bababhai has embarked this journey, and it will be very successful. Glad that Bababhai is exploring to translate the book in English.

**- Praful Shah, USA**

આપે ટીમ મેનેજમેન્ટનું પ્રેણાદાયી ઉત્તમ ઉદાહરણ પૂરું પાડેલ છે.'સપનાના વાવેતર' ભાગ-૨ પ્રકાશિત થાય તેવી શુભેચ્છાઓ.

**- ચંદુલાલ ધનજીભાઈ વોરા, ભાવનગર.**

સાવ નાની વયથી મોટી વય સુધી એક માત્ર વિચાર કે જેમાં વિકલાંગોની સમસ્યાઓનો કેમ ઉકેલ કરવો અને વિચારને મુર્તિમંત કરવામાં જે સંઘર્ષો, મુશ્કેલીઓ, આર્થિક અને સામાજિકને ઉજાગર કરતું પુસ્તક શ્રી અનંતભાઈએ ભાવનગરના સામાજિક કાર્યકર્તાઓને ભારે જબરૂ નેતૃત્વ પૂરું પાડયું છે. નવા પ્રકારના વિકાસનો અંદાજ આપ્યો છે. **- પ્રતાપભાઈ ટી. શાહ, તંત્રીશ્રી, સૌ. સ., ભાવનગર.**

આપના વિકલાંગ લોકો માટેના નિષ્ઠાપૂર્વક, સમર્પણ ભાવથી વર્ષોના સેવા કાર્યના અનુભવોને ઉજાગર કરતાં પુસ્તક 'સપનાના વાવેતર' માં તમે સર્વે પ્રકારના વિકલાંગોના શિક્ષણ, પ્રગતિ, ઓપરેશન દ્વારા સુધારણા વ. બધી રીતના વિકાસ માટે તન-મનથી સેવા તથા પ્રયત્નો કર્યા છે, તે ખૂબ જ સરાહનીય છે. **- ડૉ. એમ. જી. દેસાઈ.**

બાબાભાઈનું જીવન વિકલાંગ બાળકોના દુ:ખદર્દ અને પીડાને દૂર કરવામાં સંસ્થાઓના માધ્યમથી વીત્યું છે. તેના અમો સાક્ષી છીએ.

**- મહેન્દ્ર એસ. શાહ, પ્રમુખ, ભાવનગર કચ્છ સમાજ, ભાવનગર.**

આપનું સમગ્ર જીવન સેવા કાર્યનો અનન્ય પ્રેરણાદાયક ઉદાહરણરૂપ નમૂનો છે. જે બધાને માટે ગૌરવ તથા પરમસંતોષની બાબત છે. પી.એન.આર. તેનો નાદશ્ય નમૂનો છે.

**- દિલીપભાઈ પરીખ, જગજીવનદાસ એસ. પારેખ એન્ડ કું. ભાવનગર.**







## 'સપનાનાં વાવેતર ડિસેબલ્ડ વેલફેર કોર્પસ ફંડ' ના દાતાઓની યાદી

| | રૂપિયા |
|---|---|
| સૂરજબા ચેરિટેબલ ટ્રસ્ટ (ડો. મોહનભાઈ પટેલ) | ૧,૦૦,૦૦૦ |
| શ્રી પ્રફુલભાઈ શાહ (USA) | ૧,૦૦,૦૦૦ |
| શ્રી વસંતભાઈ ગાંધી (USA) | ૧,૦૦,૦૦૦ |
| એસ્ટેટ ઓફ લેઈટ અનુપમાબેન કપાસી (શ્રી જીતુભાઈ મહેતા) | ૩,૦૦,૦૦૦ |
| નવદીપ કેમિકલ (શ્રી દીપકભાઈ ભીમાણી) | ૧,૦૦,૦૦૦ |
| ડો. વસુબહેન પારેખ (પ્રતિનિધિ-શ્રીમતી મીનાક્ષીબહેન) | ૧,૦૦,૦૦૦ |
| શ્રી મહેન્દ્રભાઈ જે. પારેખ (પ્રતિનિધિ-શ્રી મહાસુખભાઈ જકડિયા) | ૧,૦૦,૦૦૦ |
| એગ્રો સેલ ઈન્ડસ્ટ્રિઝ પ્રા. લિ. (શ્રી દિપેશભાઈ શ્રોફ) | ૧,૦૦,૦૦૦ |
| શ્રી રસિકભાઈ હેમાણી | ૧,૦૦,૦૦૦ |
| દશા શ્રીમાળી વણીક સોસાયટી (મગનલાલ એચ. દોશી) | ૧,૦૦,૦૦૦ |
| શ્રી ખુશેન્દ્રભાઈ દેસાઈ | ૧,૦૦,૦૦૦ |
| શ્રીમતી અરૂણાબહેન બંકીમભાઈ પારેખ | ૧,૦૦,૦૦૦ |
| શ્રીમતી પ્રમીલાબહેન ખારા | ૫૦,૦૦૦ |
| પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝ લિ. | ૧,૦૦,૦૦૦ |
| ન્યુ મહાલક્ષ્મી સિલ્ક મિલ્સ પ્રા. લિ. | ૧,૦૦,૦૦૦ |
| શ્રી એ.બી. સરધારવાલા | ૧,૦૦૦ પાઉન્ડ |
| શ્રી રણબીર રિશી કપુર (ફિલ્મઅભિનેતા) | ૩,૦૦,૦૦૦ |
| શ્રી પ્રવિણભાઈ કપાસી | ૧,૦૦,૦૦૦ |
| શ્રી સરલાબેન શાહ તથા શ્રી જયોતિબેન શાહ | |
| શ્રી સાદિકઅલી ઈસ્માઈલજી લક્ષ્મીધર | ૧૦,૦૦૦ |
| શ્રી પંકજકુમાર એચ. શાહ | ૫,૦૦૦ |
| શ્રીમતી ફાલ્ગુનીબેન અશોકભાઈ ખાટસુરિયા | ૫૦,૦૦૦ |

એક બીજમાંથી વટવૃક્ષ બનીને આજે ઉભેલી સંસ્થાની વિકાસયાત્રામાં ખભે ખભા મિલાવીને જોડાયેલા શ્રેષ્ઠીઓ, સાથીઓ, ઉદારદિલ દાતાઓ અને કર્મચારીઓના સંઘર્ષ અને સમર્પણની કથા અને મેનેજમેન્ટની વાતોને ઉજાગર કરતું પુસ્તક 'સપનાના વાવેતર' વધુમાં વધુ લોકો સુધી પહોંચે તે માટે તેની વેચાણ કિંમત રાખવામાં આવેલ નથી.

પુસ્તક પ્રકાશન પ્રસંગે **'ડિસેબલ્ડ વેલફેર કોર્પસ ફંડ' રૂા. એક કરોડ**નું સંસ્થાને એકઠું કરી આપવાની હામ ભીડી છે.

જેમને જે ઈચ્છા થાય તે રકમનો ચેક **'પી. એન. આર. સોસાયટી'**ના નામનો મોકલવા વિનંતી કરું છું.

**તા. ૧૪-૧૨-૧૯**

**અનંત શાહ**
(બાબાભાઈ)

**સરનામુ : શ્રી પારસભાઈ શાહ** (સેક્રેટરી જનરલ)
મો. ૯૩૨૭૫૪૩૭૫૭, **પી.એન.આર. સોસાયટી,**
નટરાજ રીસર્ચ એન્ડ ટ્રેનિંગ કોલેજ, સરદાર પટેલ સ્કૂલ પાસે,
કાળિયાબીડ, ભાવનગર-૩૬૪૦૦૨

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2019-21 ◆ Monthly
Date of Publication : 15 December - 2019 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 32




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com